RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 70, Dt.01-06-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અગ્નિકાંડના અઠવાડિયા બાદ ભાજપી નેતાઓએ આંસુ સાર્યા!

## રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ તથા પૂર્વ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ અગ્નિકાંડના મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી જણાવ્યું કે જો તેઓનું નામ આ ગોઝારી ઘટનામાં ખુલશે તો જાહેર જીવન છોડી દેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકો જીવતા ભૂંજાયા હતા. ઘટનાને આજે એક અઠવાડિયું થયું છે. ત્યારે હવે ભાજપના નેતાઓ એક અઠવાડિયે ઘટનાને લઈ આંસુ સારી રહ્યાં છે. રાજકોટના ભાજપના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા આજે ઘટનાને લઈ મીડિયા સમક્ષ રડી પડ્યાં હતાં. બાદમાં રડતા રડતા હસ્યા પણ ખરા... તેઓએ જણાવ્યું હતું કે, ઘટનામાં મારું નામ ખૂલશે તો જાહેર જીવન છોડી દઈશ. બીજી તરફ રાજકોટના ભાજપના પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલ પણ આજે મીડિયા સમક્ષ આવ્યા છે. તેઓએ જણાવ્યું હતું કે, રાજકોટ ઝઝ્ઝ ગેમ ઝોન દુઘટર્નામાં જંઈઝ કોઈને છોડશે નહીં. ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા લોકો સામે પગલાં લેવામાં આવશે. મારી સામે ગેરરીતિ સાબિત થશે ત્યારે ગોવિંદ પટેલ નહીં હોય.

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનની દુઘટર્નાના એક અઠવાડિયા બાદ ભાજપના રાજકીય નેતાઓ મીડિયા સમક્ષ આવ્યા હતા અને માત્ર એક જ રટણ કર્યું હતું કે, જો આ અગ્નિકાંડમાં અમારું નામ ખુલશે તો જાહેર જીવન છોડી દઈશ. જેમાં રાજ્યનાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલ, રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણી અને મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન પુષ્કર પટેલ સહિતનાએ એમ રટણ કર્યું કે, જે કોઈપણ જવાબદાર હશે તેમની સામે કડક પગલાં ભરવામાં આવશે અને આમાં અમારી જવાબદારી ખુલશે તો રાજકારણ અને જાહેર જીવન મૂકી દઈશું.

જો કે, હકિકત એ છે કે, રાજકોટ મહાનગરપાલિકામાં છેલ્લા ૧૦ વર્ષથી વધુ સમયથી ટાઉન પ્લાનિંગ ઓફીસર તરીકે રહેલા મનસુખ સાગઠિયા કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરી ગેરરીતિ આચરી રહ્યા હતા તે કોઈ પદાધિકારીની સાંઠગાંઠ વિના શક્ય નથી. તેમ છતા ઉપરોક્ત નેતાઓમાંથી કોઈએ પણ સાગઠિયાના ભ્રષ્ટાચાર અંગે કઈ પણ કહેવાનુ ટાળ્યું હતું. અગ્નિકાંડનુ એપી સેન્ટર બનેલું ઝઝ્ઝ ગેમ ઝોન જ્યારે આકાર લઈ રહ્યું હતું ત્યારે આ સત્તા પર બેસેલા ઉપરોક્ત ભાજપનાં





પદાધિકારીઓ ક્યાં હતા અને તેઓ સાગઠિયાના ભ્રષ્ટાચારથી અજાણ હોય તે વાત ગળે ઉતરે એવી નથી. ચર્ચાતી વિગતો મુજબ કમલમમાં ગયેલા લેટર બોમ્બ અંગે ઉપરોક્ત નેતાઓ કંઈ બોલ્યા નહોતા અને માત્ર પોતાનો બચાવ કર્યો હતો

# આજે લોકશાહીના મહાકુંભની પૂર્ણાહુતિઃ અંતિમ તબકકાની ૫૭ બેઠક પર ઉત્સાહપૂર્ણ મતદાન

## વડાપ્રધાન મોદી સહિત ૯૦૫ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના આઠ રાજયોની ૫૭ બેઠકો પર આજે સવારથી ઉત્સાહભર્યુ મતદાન ચાલી રહ્યું છે. ભીષણ ગરમી વચ્ચે ચૂંટણીનો આ છેલ્લો રાઉન્ડ છે અને ૬ વાગ્યે મતદાન પુરૂ થયા બાદ ૬.૩૦ વાગ્યાથી એકઝીટ પોલ આવવાનું શરૂ થઇ જશે. તો તા. ૪ જુનના રોજ મત ગણતરી થવાની છે.

બિહાર, હિમાચલ, ઝારખંડ, ઓરિસ્સા, પંજાબ, ઉત્તરપ્રદેશ, પ.બંગાળ, ચંદીગઢના મતદાન ચાલુ છે. તો અગાઉ છ તબકકામાં ૪૮૬ બેઠક પર મતદાન થઇ ચુકયુ છે. આજે કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર, પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝી, લાલુપ્રસાદ યાદવ, મિથુન ચક્રવર્તી, હરભજનસિંહ સહિતના મહાનુભાવોએ મતદાન કર્યુ હતું.

ચૂંટણી પંચની વોટર ટર્નઆઉટ એપ અનુસાર સવારે ૯ વાગ્યા સુધી ૧૧.૩૧% મતદાન થયું હતું. સૌથી વધુ ૧૪.૩૫% મતદાન હિમાચલ પ્રદેશમાં અને સૌથી ઓછું ૭.૬૯% મતદાન ઓડિશામાં થયું હતું. આ સિવાય ઓડિશામાં વિધાનસભા ચૂંટણી માટે ૭.૬૯% મતદાન થયું હતું. ૪ રાજ્યોની ૯ વિધાનસભા સીટો પર પેટાચૂંટણી માટે પણ મતદાન થઈ રહ્યું છે.

આ તબક્કામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ૫ કેન્દ્રીય મંત્રીઓ આરકે સિંહ, અનુરાગ ઠાકુર, અનુપ્રિયા પટેલ, મહેન્દ્ર નાથ પાંડે અને પંકજ ચૌધરી મેદાનમાં છે. ૪ કલાકારો- કંગના રનૌત, રવિ કિશન, પવન સિંહ, કાજલ નિષાદ પણ ચૂંટણી લડી રહ્યા છે.

# આજે વર્લ્ડ મિલ્ક ડેઃ દૂધ ઉત્પાદનમાં ગુજરાત દેશમાં ચોથા ક્રમે

## રાજ્યમાં વાર્ષિક ઉત્પાદન ૧.૭૨ કરોડ ટનઃ ઉત્તર પ્રદેશ ૩.૬૨ કરોડ ટન સાથે પ્રથમ નંબર પર

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧ લી જુને વિશ્વ દુધ દિવસની ઉજવણી કરાય છે. જેનો મુખ્ય હેતુ દુધ ઉત્પાદન પ્રવૃતિઓમાં વૃધ્ધિ કરીને ડેરી ક્ષેત્રનો વિકાસ કરવાનો અને દુધના પૌષ્ટીક મુલ્યો વિશે લોકોને સમજાવી દૈનિક આહારમાં દુધના વપરાશનો સમાવેશ કરવાનો છે.

વિશ્વ દુધ દિવસની શરૂઆત સંયુકત રાષ્ટ્રની સહસંસ્થા ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા ૧લી જુન ૨૦૦૧ માં કરવામાં આવી હતી અને ખાદ્ય કૃષિ સંગઠનની સ્થાપના ૧૬ મી ઓકટોબરે ૧૯૪૫ ના રોજ કરવામાં આવી હતી જેમાં હાલમાં કુલ ૧૯૫ સભ્ય દેશ સામેલ છે.

વિશ્વમાં એક દિવસમાં ૨૫૦ કરોડ લીટર દુધનુ ઉત્પાદન થાય છે. જેમાં ભારતમાં રોજ ૬૦ કરોડ લીટર અર્થાત વિશ્વમાં જેટલુ દુધનુ ઉત્પાદન થાય છે અને તેમાં પણ ભારતના એક રાજય તરીકે ગુજરાતમાં રોજનું ૩૧૯ લાખ લીટર દુધનુ ઉત્પાદન થાય છે જેના કારણે ગુજરાતના




ગામડા સ્વાવલંબી બન્યા છે.

નાબાર્ડનાં છેલ્લા અહેવાલ મુજબ દેશમા વર્ષે ૨૦૨૨-૨૩ માં કુલ ૨૩,૦૫,૭૭,૦૦૦ ટન દુધનુ ઉત્પાદન થયુ હતું. જેની સામે દેશમાં પ્રથમ ક્રમે ઉતર પ્રદેશમાં ૩,૬૨,૪૨,૦૦૦ ટન દુધનું ઉત્પાદન થયુ હતું. જયારે બીજા ક્રમે રાજસ્થાનમાં ૩,૩૩,૦૭૦૦૦ ટન ત્રીજા નંબરે મધ્યપ્રદેશમાં ૨,૦૧,૨૨૦૦૦ ટન, ચોથા નંબરે ગુજરાતમાં ૧,૭૨,૮૧,૦૦૦ ટન દુધનું ઉત્પાદન થયુ હતું.

ગુજરાતમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં ૧,૪૪,૯૪૦૦૦ ટન દુધનુ ઉત્પાદન થયુ હતું. જેમાં ૨૦૨૨-૨૩ સુધીનાં ૫ વર્ષમાં ૨૭,૮૮,૦૦૦ ટનનો વધારો થયો છે.ગુજરાત સહીત દેશનાં તમામ રાજયોમાં જે કુલ દુધનુ ઉત્પાદન થાય છે જેનાં અનુસંધાને ભારતમાં માથાદીઠ દુધની સરેરાશ પ્રાપ્યતા ૪૫૯ ગ્રામ જેટલી છે. જે ગુજરાતમાં માથાદીઠ દુધની પ્રાપ્યતા પંજાબમાં ૧૨૮૩ ગ્રામ, બીજા નંબરે રાજસ્થાનમાં ૧૧૩૮ ગ્રામ, ત્યારબાદ ત્રીજા ક્રમે હરીયાણામાં ૧૦૯૮ ગ્રામ, ચોથા નંબરે આંધ્રપ્રદેશમાં ૭૯૯ અને પાંચમાં ક્રમે ગુજરાતમાં ૬૭૦ ગ્રામ જેટલી છે.

# ગ્લોબલ વોર્નિંગને કારણે દેશમાં હીટવેવનો ખતરો ૪૫ ટકા વધી ગયો

## દિવસ તો ઠીક રાતનું તાપમાન પણ વધ્યુંઃ નેચર જનરલના પ્રકાશિત રિપોર્ટમાં બહાર આવી વિગતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગ્લોબલ વોર્મિંગના કારણે દેશમાં હિટવેવ (લૂ)નો ખતરો ૪૫ ગણો વધી ગયો છે. આ ત્રણ રીતે ભયાનક થયો છે. એક લૂની આવૃતિ વધી રહી છે. બીજુ તે પહેલાની તુલનામાં વધુ ગરમ થઈ છે, જેથી તીવ્રતા વધી છે. ત્રીજું- તેનો સમયગાળો અને ક્ષેત્ર બન્ને વિસ્તરી રહ્યા છે.

નેચરથ જર્નલમાં પ્રકાશિત રિપોર્ટ અનુસાર સતત ત્રીજા વર્ષે એપ્રિલ અને મે માં દિલ્હી અને ઉતર પશ્ચિમ ભારતમાં ભીષણ લૂ ચાલવી એ તરફ સંકેત કરે છે. દિલ્હીમાં અધિકતમ તાપમાન ૫૨ ડિગ્રી સેલ્સીયસ સુધી રેકોર્ડ થયું છે. રિપોર્ટમાં આઈઆઈટી દિલ્હીના જલવાયુ વૈજ્ઞાનિક ડો. કૃષ્ણા અચ્યુતા રાવને



સંશોધનને આધાર બનાવવામાં આવ્યો છે. તેઓ કહે છે કે દેશમાં વસંત ઋતુમાં ગરમી સામાન્ય વાત છે પણ ત્રણ વર્ષોથી લૂ અસામાન્ય વાત છે.

દોઢ ડીગ્રી ગરમ થઈ લૂ: કલાયમેટ ટ્રેન્ડએ એક વિશ્લેષણમાં જાણ્યું કે, દર ૧૦ વર્ષમાં એક વાર આવતી ભીષણ લૂ હવે ૨.૮ ગણી વધુ આવી રહી છે અને તે ૧.૫ ડીગ્રી વધુ ગરમ છે. મુખ્ય કારણ જીવાશ્મ ઈંધણનો વધુ ઉપયોગ છે. તેમાં જલવાયુ પરિવર્તન પર આઈપીસીસીના આંકડાને પણ આધાર બનાવવામાં આવ્યો છે.

રાતનું તાપમાન પણ વધ્યું: દેશમાં ૪૫ શહેરોમાં જયાં દિવસનું વધુમાં વધુ તાપમાન ૪૫ ડિગ્રીથી વધુ નોંધાયુ છે, ત્યારે રાત્રે પણ તાપમાનમાં વધારો નોંધાયો છે અને તે ૩૬ ડીગ્રી થયું છે. સીએસઈનો હાલનો રિપોર્ટ કહે છે કે શહેરોમાં રાતનો તાપમાનનો પારો અસામાન્ય રીતે વધી રહ્યો છે.દેશમાં ૪૫ શહેરોમાં જયાં દિવસનું વધુમાં વધુ તાપમાન ૪૫ ડિગ્રીથી વધુ નોંધાયુ છે, ત્યારે રાત્રે પણ તાપમાનમાં વધારો નોંધાયો છે અને તે ૩૬ ડીગ્રી થયું છે. સીએસઈનો હાલનો રિપોર્ટ કહે છે કે શહેરોમાં રાતનો તાપમાનનો પારો અસામાન્ય રીતે વધી રહ્યો છે.

# ઈઝરાયલની કંપનીએ લોકસભાની ચૂંટણીમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કર્યો હોવાનો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીને લઈને દેશમાં રાજકીય તાપમાન પહેલેથી જ ઉંચુ છે. આ દરમિયાન, ChatGPT, 'OpenAI'ના નિર્માતાએ એક મોટો ખુલાસો કર્યો છે, જેના કારણે રાજકીય ગરમાવો વધુ વધે તેવી શકયતા છે. તે દાવો કરે છે કે તેણે ભારતીય ચૂંટણીઓ પર કેન્દ્રિત અગટ ઝુંબેશમાં અંઈ ના ભ્રામક ઉપયોગને રોકવા માટે ૨૪ કલાકની અંદર પગલાં લીધાં. આવી સ્થિતિમાં, તેનો ઉપયોગ કરતા લોકોની સંખ્યામાં કોઈ નોંધપાત્ર વધારો થયો નથી, ઓપનએઆઈ એ તેની વેબસાઈટ પરના એક અહેવાલમાં જણાવ્યું છે કે



ઈઝરાયેલની રાજકીય અભિયાન મેનેજમેન્ટ ફર્મ 'STOIC' એ ગાઝા સંઘર્ષ પર પણ કેટલીક સામગ્રી પ્રકાશિત કરી હતી. જેમ ભારતીય ચૂંટણીઓ તૈયાર છે. મે મહિનામાં, નેટવર્કે શાસક ભાજપની ટીકા અને વિપક્ષ કોંગ્રેસ પાર્ટીના વખાણ સહિત ભારત પર કેન્દ્રિત કોમેન્ટ્રીનું નિર્માણ કરવાનું શરૂ કર્યું હતું. અમે મે મહિનામાં ભારતીય ચૂંટણીઓ શરૂ થયાના ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં સંબંધિત કેટલીક પ્રવળત્તિઓને વિક્ષેપિત કરી હતી, અહેવાલમાં જણાવાયું હતું.

ઓપનએઆઈએ જણાવ્યું હતું કે તેણે ઇઝરાયેલ દ્વારા સંચાલિત એકાઉન્ટ્સના જૂથ પર પ્રતિબંધ મૂક્યો છે જેનો ઉપયોગ ડ્ઢ, ત્રૠભયબઞજ્ઞસ, ઈક્ષતફિંલફિ, અન્ય વેબસાઈટ્સ અને ઢજીઝીબય પર ફેલાયેલા પ્રભાવ અભિયાન માટે સામગ્રી બનાવવા અને સંપાદિત કરવા માટે કરવામાં આવતો હતો. આ ઝુંબેશ દ્વારા, કેનેડા, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઇઝરાયેલમાં લોકોને અંગ્રેજી અને હિબ્રુ ભાષામાં સામગ્રી દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા, તે જણાવે છે. મેની શરૂઆતમાં, તેણે અંગ્રેજી ભાષાની સામગ્રી દ્વારા ભારતમાં લોકોને લક્ષ્ય બનાવવાનું શરૂ કર્યું. આમાં વિગતવાર કંઈપણ જણાવવામાં આવ્યું નથી.

# મિર્ઝાપુરમાં જાનલેવા ગરમી, ચૂંટણી ડ્યૂટીમાં તહેનાત પાંચ હોમગાર્ડ્સના મોત, ૧૬ હોસ્પિટલમાં દાખલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરના ઘણા રાજ્યોમાં એકતરફ જાનલેવા ગરમી પડી રહી છે, તો બીજીતરફ લોકસભા ચૂંટણી નો ધમધોકાટ જોવા મળી રહ્યું છે. અસહ્ય ગરમી કારણે સૌથી ચિંતાજનક સ્થિતિ ચૂંટણીની કામગીરીમાં જોડાયેલા લોકોની છે, ત્યારે બળબળતી ગરમી વચ્ચે આવતીકાલે (૧ જૂન) છેલ્લા તબક્કાનું મતદાન યોજાવાનું છે, જો કે તે પહેલા ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાં ભીષણ ગરમી અને હીટવેવના કારણે ચૂંટણી ડ્યૂટીમાં જોડાયેલા પાંચ હોમગાર્ડના મોત થયા છે અને ૧૬ હોમગાર્ડ્સની તબિયત લથડતા તેમને ટ્રોમા સેન્ટરમાં દાખલ કરાયા છે. આ તમામ હોમગાર્ડ્સ સાતમાં તબક્કાના મતદાન માટે ડ્યૂટી પર તહેનાત હતા.

મળતા અહેવાલો મુજબ ચૂંટણી ડ્યૂટીની ફરજના ભાગ રૂપે કેટલાક હોમગાર્ડ્સ પોલિટેકનિક મેદાનમાં પહોંચ્યા હતા, જ્યાં તેમની અચાનક તબિયત લથડતા દોડધામ મચી હતી. ત્યારબાદ તમામને સારવાર અર્થે તુરંત ટ્રોમાં સેન્ટર લઈ જવાયા હતા, જોકે હોસ્પિટલમાં પાંચ હોમગાર્ડના મોત થયા હતા.

વાસ્તવમાં ઉત્તર ભારતમાં ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ઘણા સ્થળોએ તાપમાન ૫૧ ડિગ્રીને પાર



પહોંચી ગયું છે, જેના કારણે ઘણા લોકો જીવ ગુમાવી ચુક્યા છે. મિર્ઝાપુરની વાત કરીએ તો અહીં શુક્રવારે ૪૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ શનિવારે મિર્ઝાપુરમાં તાપમાન ૪૯ ડિગ્રી પાર જવાની સંભાવના છે. જોકે શુક્રવારે બળબળતી ગરમી ડ્યુટી કરી રહેલા હોમગાર્ડ્સની તિયત લથડતા મોત થયા છે. મિર્ઝાપુરના ડીએમ પ્રિયંકા નિરંજને કહ્યું કે, આજે પ્રચંડ ગરમીના કારણે પાંચ હોમાર્ડના મોત નિપજ્યા છે.

આ પહેલા દેશભરમાં વધીત ગરમી અને હીટવેવના કારણે અનેક લોકોના મોત થયા છે. મિર્ઝાપુરમાં ભીષણ ગરમીના કારણે અત્યાર સુધીમાં ૪૩ના મોત થયા છે, બિહારમાં ૩૨, ઓડિશા (ઘમશતવફ)માં ૧૦ના મોત થયા છે.

ઝારખંડના પલામૂ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ લોકોના મોત થયા છે. જ્યારે અસહ્ય ગરમીના કારણે ઓડિશામાં ૧૦, રાજસ્થાનમાં પાંચ અને ઉત્તર પ્રદેશમાં એક વ્યક્તિનું મોત થયું છે. આ પહેલા બિહારના દરભંગાના ૪૦ વર્ષિય એક વ્યક્તિનું દિલ્હીમાં લૂ લાગવાથી મોત થયું છે. તેમના શરીરનું તાપમાન સામાન્યથી ૧૦ ડિગ્રી વધુ ૧૦૮ ડિગ્રી ફારેનહાઈટ સુધી વધી જતાં ઘણા અંગો બંધ થઈ ગયા હતા, જેના કારણે તેમનું મોત નિપજ્યું હતું.

# SBIની એફડી સ્કીમમાં બે વર્ષના ગાળામાં રોકાણકારોને આકર્ષક રિટર્ન મેળવવાની તક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા એ તેની સ્પેશિયલ એફડી સ્કીમના વ્યાજમાં વધારો કર્યો છે. રિટેલ રોકાણકારો અને જથ્થાબંધ રોકાણ કરનારા રોકાણકારોને સુધારેલા વ્યાજનો લાભ મળશે. વ્યાજમાં વધારો થયા પછી, આ સ્કીમ રોકાણકારોને ઓછા સમયમાં વધુ વ્યાજ ઓફર કરે છે. SBIની આ સ્પેશિયલ FDના વ્યાજમાં થયેલો સુધારો ૧૫ મે ૨૦૨૪થી લાગુ થશે.

જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેન્કની વેબસાઇટ અનુસાર, આ એફડી સ્કીમનું નામ SBI સર્વોત્તમ ટર્મ ડિપોઝિટ છે, જે ગયા વર્ષે જ શરૂ કરવામાં આવી હતી. રોકાણકારોને વધુ લાભ આપવા માટે આ યોજના




દાખલ કરવામાં આવી હતી. હવે વ્યાજમાં વધારા સાથે, થાપણદારોને નિયમિત એફડી દરોથી વધુ રિટર્ન મળશે.

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાએ શ્રેષ્ઠ FD યોજના હેઠળ જમા વ્યાજમાં ૭૫ બાતનો વધારો કર્યો છે. હવે SBI શ્રેષ્ઠ FD યોજના હેઠળ, બેન્ક બે વર્ષના કાર્યકાળ માટે ૭.૪ ટકા વ્યાજ ઓફર કરી રહી છે. જ્યારે એક વર્ષના કાર્યકાળ માટે શ્રેષ્ઠ FD વ્યાજ ૭.૧૦ ટકા છે.

વરિષ્ઠ નાગરિકોને સામાન્ય રોકાણકારો કરતાં શ્રેષ્ઠ ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ હેઠળ ૫૦ બેસિસ પોઈન્ટ વધુ વ્યાજ આપવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં, આ યોજના હેઠળ વરિષ્ઠ નાગરિકોને ૨ વર્ષ (૭૩૦ દિવસ)ના કાર્યકાળ પર ૭.૯ ટકા વ્યાજ મળશે. જ્યારે એક વર્ષના કાર્યકાળ માટે વરિષ્ઠ નાગરિકોને ૭.૬ ટકા વ્યાજ આપવામાં આવશે.

જો તમે આ સ્કીમમાં રૂ. ૨ કરોડ કે તેથી વધુનું રોકાણ કરો છો, તો આ FD સ્કીમ હેઠળ સામાન્ય નાગરિકોને એક વર્ષના કાર્યકાળ માટે ૭.૩૦ ટકા અને ૨ વર્ષના કાર્યકાળ માટે ૭.૪૦ ટકા વ્યાજ મળશે. વરિષ્ઠ નાગરિકોને ૧ વર્ષના કાર્યકાળ માટે ૭.૮૦ ટકા અને ૨ વર્ષના કાર્યકાળ માટે ૭.૯૦ ટકા વ્યાજ મળશે.

શ્રધ્ધાંજલી



સ્વ. ધીરજલાલ ખોડીદાસભાઈ કકકડ

જન્મ તારીખ: ૦૯-૦૧-૧૯૩૮ સ્વર્ગવાસ તારીખ ૩૧-૦૫-૨૦૧૯

માનવીની જીંદગી ચાલી જાય પણ ગુણોની ગરીમા રહી જાય છે.
શિલાલેખ કદાચ ભૂંસાઈ જાય પરંતુ સ્મરણો અંતરમાં કોતરાઈ જાય છે.
આપના સદ્દગુણો સદાય અમારા માટે પ્રેરણા પંથ છે.
ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી. મનોહરસિંહ રમુભા ઝાલા (બબાભાઈ)

# જામનગરમાં રખડતા ઢોરના આતંકનો વધુ એક વીડિયો સામે આવ્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

અવારનવાર લોકો રખડતાં ઢોરના આતંકનો ભોગ બની રહ્યા છે અને એના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા રહે છે. ત્યારે જામનગરમાં રખડતા ઢોરના આતંકનો વધુ એક વીડિયો સામે આવ્યો છે. શહેરના હાપા વિસ્તારની એક સોસાયટીમાં ઘરના ફળિયા પાસે રમી રહેલી એક માસૂમ બાળકી પર ગાયે હુમલો કર્યો હતો અને પગેથી ખૂંદી નાખી હતી. બાળકીએ બૂમાબૂમ કરતાં જ આસપાસથી એક મહિલા દોડી આવી હતી અને તેના જીવની પરવા કર્યા વિના બાળકીને ગાયની ચુંગાલમાંથી છોડાવી હતી.જામનગર શહેરની નજીક આવેલા હાપા વિસ્તારમાં એલિગન સોસાયટીમાં એક બાળકી પોતાના ઘર નજીક રમકડાથી રમી રહી હતી ત્યારે જ આવી ચડેલી એક ગાય તેના પર તૂટી પડી હતી. માસૂમ બાળકીને પોતાની ચુંગાલમાં લઈ ગાય પોતાના પગેથી ખૂંદવા લાગી હતી. માસૂમ બાળકી ગાયથી છુટકારો મેળવવાનો પ્રયાસ કરતી હતી, પરંતુ ભાગી શકી ન હતી. બૂમાબૂમ થતાં જ નજીકમાંથી એક મહિલા દોડી આવી હતી અને પોતાના જીવની પરવા કર્યા વગર માસૂમ બાળકીને ગાયની ચુંગાલમાંથી છોડાવી હતી.જામનગર શહેરમાં રખડતાં પશુઓની સમસ્યા નવી નવી વાત નથી. મનપા દ્વારા રખડતાં પશુઓ પકડવા માટે અલગ વિભાગ રાખ્યો હોવા છતાં અને લાખો રૂપિયાનો ખર્ચ કરાતો હોવા છતાં શહેરીજનોને આ સમસ્યામાંથી છુટકારો નથી મળતો. જાહેર રસ્તા પર પશુઓના અડિંગાના કારણે અનેકવાર અકસ્માતની ઘટનાઓ પણ બનતી રહે છે.

# જામનગરમાં હોટલ, સ્કૂલ, હોસ્પિટલ સહિતની મિલકતોને સીલ મરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

રાજકોટના ગેમઝોનના અગ્નિ અકસ્માતના અનેક લોકોના મૃત્યુ પછી સફાળી જાગેલી સરકારે કડક આદેશ આપતા જ જાગૃત થયેલા જામનગર મહાનગરપાલિકાના કમિશનરે પણ તપાસ શરૂ કરાવી હતી જેમાં ગઈકાલે એક ટીમ દ્વારા ૨૦ જેટલા રેસ્ટોરન્ટ સીલ કર્યા હતાં, જ્યારે અન્ય ટીમની ચકાસણીમાં વપરાશ પરવાનગી નહીં મેળવી નિયમ ભંગ કરનાર ૭૧ મિલકતો સીલ કરવામાં આવી હતી. આજે પણ આ કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.



જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદીની સૂચનાથી અને સિટી ઈજનેર ભાવેશ જાનીની રાહબરી હેઠળ શહેરમાં ચેકીંગ માટે અલગ-અલગ ટીમની રચના કરવામાં આવી છે. એસ્ટેટ ઓફિસર એન.આર. દિક્ષિત, ચિફ ફાયર ઓફિસર કે.કે. બિશ્નોઈ, ઉપરાંત સુનિલ ભાનુશાળી, અનવર ગજણ, યુવરાજસિંહ ઝાલા વગેરેની ટીમે ૨૦ જેટલા રેસ્ટોરન્ટમાં ફાયર સુવિધાના અભાવના કારણે સીલ માર્યા હતાં. કુલ ૨૦ રેસ્ટોરન્ટ સીલ કરાયા હતાં જેમાં બેઠક રેસ્ટોરન્ટ, સાથે આર્ય ફૂડ પાર્સલ, રાધે રાધે રેસ્ટોરન્ટ, ઢોસા હાઉસ, ઢોસા ડોટ કોમ, ઢોસા કિંગ, જીજે-ફાઈવ-ઢોસા, ખોડિયાર હોટલ-રેસ્ટોરન્ટ, વિજયરાજ હોટલ, વૃન્દાવન રેસ્ટોરન્ટ, હાઈ વે-૧૦, યેલો પેપર, સુપર ફેમિલી રેસ્ટોરન્ટ, માલધારી હોટલ (ઠેબા ચોકડી), ઢાબા એ જામનગરી, સનાતન રેસ્ટોરન્ટ, દ્વારકાધીશ હોટલ (ઠેબા ચોકડી), ઓમ શાંતિ હોટલ, જલસા ગાર્ડન રેસ્ટોરન્ટનો સમાવેશ થાય છે.આ ઉપરાંત અન્ય ટીમો દ્વારા પણ ચેકીંગ દરમિયાન અનેક સ્થળે વપરાશ પરવાનગી, ફાયર એનઓસીનો અભાવ જોવા મળતા આવી ઈમારતો સીલ કરવામાં આવી હતી. જેમાં હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થા-સ્કૂલ, ટ્યુશન ક્લાસ, કોમર્શિયલ કોમ્પ્લેક્સ/શોપીંગ સેન્ટર, સિનેમા હોલ-મલ્ટી પ્લેક્સ, હોસ્પિટલ વગેરેમાં તપાસ દરમિયાન ૫૧ પાસે વપરાશ પરવાનગી વિના ૨૦ પાસે ફાયર સુવિધા-એનઓસી ઉપલબ્ધ નહીં હોવાથી તેને સીલ કરવામાં આવ્યા હતાં.આમ એક જ દિવસમાં ૯૧ જેટલા હોટલ, રેસ્ટોરન્ટ, હોસ્પિટલ, સ્કૂલ, ટ્યુશન ક્લાસીસને સીલ મારવામાં આવ્યા છે.જામજોધપુરમાં પણ ફાયર એનઓસી મુદ્દે સીલીંગ કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં શ્રીજી રેસ્ટોરન્ટ, હેપ્પી લાઈક રેસ્ટોરન્ટ, રોલ ઢોસા રેસ્ટોરન્ટ અને મોમ્સ કાફે રેસ્ટોરન્ટને સીલ કરવામાં આવ્યા હતાં.

# મોરબીમાં પ્રોહીબીશનના કેસમાં એક વર્ષથી ફરાર આરોપીને ઝડપી લેતી પોલીસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટ એ ડિવિઝન પોલીસ ટીમે પ્રોહીબીશનના વર્ષ ૨૦૨૩માં નોંધાયેલા બે ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પૂર્વ બાતમીને આધારે ઝડપી લઇ હસ્તગત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



મોરબી સીટી પોલીસ મથકમાં નોંધાયેલા ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સૂચના આપવામાં આવી હોય ત્યારે સીટી એ ડિવિઝન પોલીસ મથક પીઆઈ એચ.એ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ કાર્યરત હોય તે દરમિયાન એ ડિવિઝન પો.હેડકોન્સ એ.પી.જાડેજાને ખાનગીરાહે બાતમી મળેલ કે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૩માં નોંધાયેલા પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો આરોપી હુસેન સીદીકભાઈ ખોડ રહે.મોરબી જોન્શનગર શેરીનં.૧૧વાળો હાલ મોરબીની ઘાંચીશેરીમા હોવાની હકિકત આધારે આરોપીને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

# મોરબીના જુના જાંબુડીયા ગામ નજીક બાવળમાં છુપાવી રાખેલ વિદેશી દારૂ-બીયરની ૯૧ બોટલ સાથે શખ્સ પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના જુના જાંબુડીયા ગામની સીમમાં આવેલ સનફલાવર કારખાના સામે બાવળની કાંટમાંથી વિદેશી દારૂ-બીયરની બોટલ તથા ટીનના જથ્થા સાથે પરપ્રાંતીય શખ્સને મોરબી તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે દરોડો પાડી દબોચી લેવાયો છે. પોલીસે સ્થળ ઉપરથી વિદેશી દારૂ-બીયરની ૯૧ નંગ બોટલ કબ્જે લઇ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



મોરબી તાલુકા પોલીસ ટીમને સંયુકતરાહે મળેલ બાતમી હકીકત આધારે તાલુકા પોલીસ મથકના પીએસઆઈ બી.એમ.બગડા સહિતની ટીમે દરોડો પાડી મોરબી તાલુકાના જુના જાંબુડીયા ગામની સીમમાં સનફલાવર કારખાના સામે બાવળની કાંટમાં વેચાણ અર્થે છુપાવી રાખેલ વિદેશી દારૂ-બીયરના જથ્થા સાથે આરોપી સોનુભાઇ અમરૂભાઇ અમલીયાર ઉવ.૨૯ રહે-કલીપુર થાના-કલ્યાણપુરા પોસ્ટ ઓફિસ-ભગોર જી.જાંબુઆ મધ્યપ્રદેશને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસના દરોડા દરમિયાન સ્થળ ઉપરથી ભારતીય બનાવટની ઇગ્લીશ દારૂની બોટલ નંગ-૪૭ કિં.રૂ.૩૯,૯૫૦/- તથા બીયરના ટીન નંગ-૪૪ એમ ઇગ્લીશ દારૂની બોટલ તથા બીયર ટીન મળી કુલ બોટલ ૯૧ નંગ જેની કૂલ કિ.રૂ.૪૪,૩૫૦/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સોનુ અમલીયાર વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં ફરી એકવાર આવરાતતત્વોએ આતંક મચાવી યુવકને બેફામ માર માર્યો

## નડતી કારને હટાવવા હોર્ન મારતા માથાભારે ચાર શખ્સોએ કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં માથાભારે તથા લુખ્ખાતત્વો દ્વારા લોકોમાં પોતાનો રોફ જમાવવા દાદાગીરી ચલાવતા હોય છે જેમાં તેનો શિકાર નિર્દોષ લોકો થતા હોય છે. ત્યારે કાયદો અને વ્યવસ્થાની કથળતી પરિસ્થિતિ વચ્ચે ફરી એકવાર શહેરના રવાપર ધુનડા રોડ ઉપર રાજ પાન નામની દુકાને કાર લઈને ફાકી લેવા આવેલ યુવક પરત જતો હોય ત્યારે પોતાની કાર આડે અન્ય કાર હોય જેથી હોર્ન વગાડતા રાજ પાનની દુકાને હાજર ચારેક માથાભારે શખ્સો દ્વારા યુવકને હોર્ન નહિ વગાડવાનું કહી અપશબ્દો બોલી બેફામ માર મારવામાં આવી યુવકની કારમાં પણ નુકસાની કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ચારેય માથાભારે શખ્સો સ્થળ ઉપરથી ચાલ્યા ગયા હતા. હાલ ભોગ બનનાર યુવક દ્વારા એ ડિવિઝન પોલીસ મથકમાં ચારેય શખ્સો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

સમગ્ર બનાવ અંગેની પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીમાં રવાપર ધુનડા રોડ ઉપર આવેલ શિવશક્તિ એપાર્ટમેન્ટમાં રહેતા સચીનભાઈ ભુદરભાઈ બોપલીયાએ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી દિપભાઈ દેસાઈ રહે. કસ્તુરી એપાર્ટમેન્ટ એસ.પી. રોડ મોરબી, કિશનભાઈ રબારી રહે.મોરબી ગુ.હા.બોર્ડ શનાળા રોડ, અભયભાઈ ભીખાભાઈ જારીયા રહે.રવાપર ગામ મોરબી, તથા જયભાઈ કુંભારવાડીયા રહે.ક્રીષ્ના સ્કુલ ધાવડી મોરબી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા.૩૦/૦૫ના રાત્રીના સાડા આઠેક વાગ્યે મોરબી રવાપર ઘુનડા રોડ ઉપર આવેલ રાજ પાન નામની દુકાને સચીનભાઈ ફાકી લેવા માટે આવેલ હોય ત્યારે પાનની દુકાનેથી સચીનભાઈ પોતાની કાર સ્વીફ્ટ ડિઝાયર રજી.જીજે-૩૬-એસી-૨૯૨૬ લઈને જતા હોય ત્યારે પોતાની કારની આડે ત્યાં કાળા કલરની ક્રેટા કાર નં. જીજે-૩૬-એએફ-૫૮૧૮ ઉભી હોય જેથી તે હટાવવા માટે સચીનભાઈ દ્વારા હોર્ન વગાડતા ઉપરોકત ચારેય આરોપીઓ સચીનભાઈની કાર પાસે આવી જેમ ફાવે તેમ ગાળો આપી ચારેય જણાએ ઢીકાપાટુનો માર મારી સચીનભાઈને શરીરે હાથે પગે મુંઢ ઇજાઓ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બાદ સચીનભાઈની સ્વીફ્ટ કારમાં પથ્થરના છુટા ઘા કરી નુકશાન કરી ચારેય આરોપીઓ સ્થક ઉપરથી પોતાની ક્રેટા કાર લઇ ચાલ્યા ગયા હતા. બનાવ બાદ સચીનભાઈને તેમના પિતાજી તથાભાઈ દ્વારા સારવાર માટે મોરબી સિવિલ હોસ્પિટલે જય શરીરે થયેક મૂંઢ ઇજાઓની સારવાર લઇ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ચારેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

# વાંકાનેરની જામસર ચોકડી નજીક વર્લી મટકાના આંકડાનો જુગાર રમતા યુવક પોલીસ ઝપટે ચડ્યો

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેરથી આગળ જામસર ચોકડી પાસે જાહેરમાં વર્લીના આંકડાનો જાહેરમાં જુગાર રમતા એક યુવકને વાંકાનેર તાલુકા પોલીસે ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વાંકાનેર તાલુકા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન જામસર ચોકડી પાસે જાહેરમાં વર્લીફિચર્સના આંકડાનો પૈસાની હારજીતનો નસીબ આધારિત જુગાર રમતા વાસુદેવભાઇ નભુભાઇ વીંઝવાડીયા ઉવ.૨૦ રહે.ઓળ તા.વાંકાનેરને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસે આરોપી પાસેથી વર્લી આકડાના જુગાર રમવાના સાહિત્ય તથા રોકડા રૂ.૪૩૦/-કબ્જે લઇ આરોપી વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં ગેરકાયદે દવાખાનું ચલાવનાર ડિગ્રી વગરના બોગસ તબીબને પોલીસે ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ગેરકાયદે દવાખાનું ચલાવનાર ડિગ્રી વગરના બોગસ તબીબને પોલીસે ઝડપી લીધો જામનગરમાં મોરકંડા રોડ પર સનસીટી વિસ્તારમાં એક બોગસ તબીબ દ્વારા ઓરડીમાં ગેરકાયદે દવાખાનું ચલાવાતું હોવાની બાતમીના આધારે સિટી એ. ડિવિઝન પોલીસે દરોડો પાડી ડિગ્રી વગરના એક બોગસ તબીબને ઝડપી લીધો છે, અને તેની પાસેથી જરૂરી દવા સહિતની સામગ્રી કબજે કરી લીધી છે.જામનગરના સીટી એ.ડિવિઝનના પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે, મોરકંડા રોડ પર સનસીટી -૧



ની સામે આવેલી એક ઓરડીમાં ગેરકાયદે દવાખાનું ચાલી રહ્યું છે. જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. ત્યાં તપાસ કરતા હીદાયતુલ્લાખાન અહમદખાન લોહાની પઠાણ નામનો શખ્સ પોતે કોઈપણ પ્રકારની ડીગ્રી ધરાવતો ન હતો, તેમ છતાં દર્દીઓને તપાસી તેઓના આરોગ્યની સાથે ચેડાં કરી રહેલો મળી આવ્યો હતો.જેથી પોલીસ દ્વારા બોગસ તબીબની અટકાયત કરી લઈ તેની સામે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં મેડિકલ પ્રેક્ટિસનર એક્ટ ૧૯૬૩ ની કલમ ૩૦ તથા આઈ.પી.સી. કલમ ૩૩૬ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે, અને તેના દવાખાનામાંથી રૂપિયા ૯,૫૦૦ની કિંમતનો એલોપેથી દવા સહિતની સામગ્રીનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે.

# જામગરમાં મહાનગરપાલિકાએ સીલ કરેલુ રેસ્ટોરન્ટ સંચાલકે કાયદાની ઐસીતૈસી કરી ફરી ખોલી નાંખ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મનપાએ ગઇકાલે કેટલીક મિલકતને સીલ માર્યું હતું. જોકે, કાયદાનો કોઇ ડર જ ન હોય એમ સીલ મારેલા એક રેસ્ટોરેન્ટને સંચાલકે સીલ તોડીને શરૂ કરી દીધું.રાજકોટમાં અગ્નિકાંડ બાદ રાજ્યભરમાં તંત્ર એલર્ટ થયું છે. ત્યારે જામનગર મનપાએ ગઇકાલે કેટલીક મિલકતને સીલ માર્યું હતું. જોકે, કાયદાનો કોઇ ડર જ ન હોય એમ સીલ મારેલા એક રેસ્ટોરેન્ટને સંચાલકે સીલ તોડીને શરૂ કરી દીધું હતું. જેની જાણ મનપાને થતાં મનપાની ટીમે સ્થળ પર જઇ રેસ્ટોરન્ટને પુન: બંધ કરાવી સીલ મારી આ મામલે પોલીસ ફરિયાદ કરવામાંઆવી છે.જામનગર ભાગોળે ધોરી માર્ગ પર આવેલી ધ સુપર ફેમીલી રેસ્ટોરન્ટ કે જેને ફાયર ગયઈ સહિતની લાયસન્સની પ્રક્રિયા



પૂર્ણ કરી ન હોવાથી મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા તેના કિચન અને મુખ્ય પ્રવેશદ્વાર પર સીલ લગાવી દેવામાં આવ્યા હતા, પરંતુ ગઈકાલે રાત્રે હોટલ સંચાલકે પાછળના દરવાજેથી હોટલને ચાલુ કરી દીધી હતી અને ગ્રાહકોને પ્રવેશ આપી ભોજન સહિતની સુવિધા પૂરી પાડી હતી. જે અંગેના ફોટો વીડિયો વાયરલ થયા હોવાથી આજે જામનગર મહાનગરપાલિકાની ટુકડી ફરીથી દોડતી થઈ હતી અને હોટલના પાછળના ભાગે સીલ લગાવી દીધા છે. જ્યારે એસ્ટેટ અધિકારી નીતિન દીક્ષિત દ્વારા હોટલના સંચાલક જીતેન્દ્ર કગથરા સામે પંચકોષી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવામા આવી છે.

# જુગારની મહેફિલ પર દરોડો ૪ મહિલા સહિત ૧૪ જુગટુ ખેલતા ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક મોરકંડા ગામ પાસેથી ચાર મહિલા અને બે પુરૂષ ગંજીપાના કૂટતા પકડાઈ ગયા છે. ગરીબનગર પાણાખાણમાં પૂર્વ બાતમીના આધારે પડાયેલા દરોડામાં પાંચ શખ્સ તીનપત્તી રમતા મળી આવ્યા છે. ધુંવાવમાંથી ત્રણ પત્તાપ્રેમી પકડાયા છે. લાલપુરમાંથી પોલીસે જાહેરમાં વર્લીના આંકડા લખી જુગાર રમાડતા ત્રણને ઝડપી લીધા છે.જામનગર નજીકના મોરકંડા ગામના ધાર વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે દરોડો પાડતા ત્યાંથી ગંજીપાના વડે તીનપત્તી રમતા રાજેશ ભોજાભાઈ નકુમ, રાજેશ રમેશભાઈ વિરમગામા, ભાવનાબેન ડાયાભાઈ સોલંકી, ચંદ્રિકાબેન વિજયભાઈ વિરમગામા, સવિતાબેન રમેશભાઈ વિરમગામા, મુનીબેન ડાયાભાઈ સોલંકી નામના છ વ્યક્તિ મળી આવ્યા હતા. પટમાંથી રૂ. ૪૮૦૦ રોકડા કબજે કરી પોલીસે ગુન્હો નોંધ્યો છે.જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર ધુંવાવ ગામના હાઉસીંગ બોર્ડના મકાન પાસે ગંજીપાના કુટતા મહેબુબ અજીતશા શાહમદાર, શબ્બીર અબ્બાસ રફાઈ, રમેશ સુરેશભાઈ ગોહિલ નામના ત્રણ શખ્સ મળી આવતા પંચકોશી એ ડિવિઝન પોલીસે પટમાંથી રૂ. ૨૪૭૦ રોકડા કબજે કરી ગુન્હાની નોંધ કરી છે.લાલપુર શહેરમાં ધરારનગર પાસે વર્લીનું બેટીંગ લેતાં રવિ જયંતિભાઈ દાણીધારીયા નામના શખ્સને ઝડપી લેવાયો છે. જ્યારે લાલપુરમાં પોસ્ટ ઓફિસ પાસેથી સવજી ખેતાભાઈ ગોહિલ અને શહીદ ગાર્ડન નજીકથી ભીમાભાઈ કિશનભાઈ સોલંકી નામના શખ્સ વર્લીના આંકડા લખતા પકડાઈ ગયા છે. જામનગરના ગરીબનગર પાણાખાણ પાસે તીનપત્તી રમાતી હોવાની વિગત મળતા સિટી-બી ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફે દરોડો પાડ્યો હતો. ત્યાંથી જાફર ઈબ્રાહીમ બુકેરા, સલીમ કરીમ જેડા, રઝાક સીદીક બુકેરા, એલિયાશ ઉમર જામ, અકરમ જુનેશ માણેક નામના પાંચ શખ્સ મળી આવ્યા હતા. પટમાંથી રૂ. ૧૬૩૦૦ રોકડા કબજે લેવાયા છે.

# જામનગરમાં ફાયર એનઓસી વગર ધમધમતી શાળા-કોલેજ સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે એનએસયુઆઈએ આવેદન પત્ર પાઠવ્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ફાયર એનઓસી વગર ધમધમતી શાળા-કોલેજ સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે એનએસયુઆઇ અને યુવક કોંગ્રેસે ચીફ ફાયર ઓફીસર અને ડીઇઓને આવેદન પત્ર પાઠવ્યું જામનગરમાં ફાયર એનઓસી વગર ધમધમતી શાળા-કોલેજ સામે કડક કાર્યવાહી કરવાની માંગ સાથે એનએસયુઆઇ અને યુવક કોંગ્રેસે ચીફ ફાયર ઓફીસર અને ડીઇઓને આવેદન પત્ર પાઠવ્યું હતું. આવેદન પત્રમાં જણાવ્યાનુસાર જામનગરની તમામ શાળા-કોલેજ પાસે ફાયર એનઓસી છે, રીન્યુ કરાવ્યુ છે કે કેમ તે તપાસનો વિષય છે.કારણ કે, એનઓસીની રીન્યુ પ્રક્રિયામાં ઓનલાઇન રજીસ્ટર્ડ કરવાની સિસ્ટમ છે પરંતુ આ માટે ફાયર સેફટી ઓફીસર શહેરમાં ચાર જેટલા છે. વળી, અત્યાર સુધી ફાયર ઓફીસ દ્વારા એનઓસી રીન્યુની પ્રક્રિયા કરવામાં આવતી હતી તે અચાનક બંધ કરી ખાનગી લોકોને આપી ભ્રષ્ટાચારીની બારી ખોલવામાં આવી હોવાનો આક્ષેપ પણ કર્યો છે. સાથે સાથે ફાયર ઓફીસ દ્વારા એનઓસી આપવામાં આવે તેવી માંગણી પણ કરી છે

# રસ્તા પર ખાડા, ઝાડ, હોડિંગ પડવા, જર્જરીત મકાનોની ફરિયાદ માટે ૦૨૮૧-૨૨૨૮૭૪૧ પર સંપર્ક કરો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકાનાં વિસ્તારોમાં ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદી પાણી ભરાવાની, રસ્તા પર ખાડાઓ પડવાની, રસ્તાર પર ઝાડ પડવાની, હોડિંગ બોર્ડ પડવાની, ભયગ્રસ્તા મકાનો અંગે, વરસાદી પાણી તેમજ ડ્રેનેજનાં મેનહોલ ભરાવા કે અન્ય કુદરતી આફત અંગેની ગંભીર ફરીયાદો મળવાની શક્યતા છે. લોકો આ અંગેની ફરિયાદ સરળતાથી કરી શકે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧ જૂન-૨૦૨૪થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ સુધી ઇમરજન્સી ફોન નંબર જાહેર કરાયા છે. આ પ્રકારની ફરિયાદો માટે ૦૨૮૧-૨૨૨૮૭૪૧ તેમજ ૦૨૮૧-૨૨૨૫૭૦૭ પર સંપર્ક કરી શકાશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત વોર્ડ નં.૪ના ભગવતીપરા શેરી નં.૩માં આવેલ ટીંબાભાઈ નવઘણભાઈ ગમારનાં મકાનનો સર્વે કરાયો હતો. જેમાં મકાનનો સ્લેબ જર્જરિત હાલતમાં માલુમ પડતા દુર કરવામાં આવ્યો છે. વોર્ડ નં.૪ની ટીમ દ્વારા સ્થળ ચકાસણી કરતા આ મકાનનો સ્લેબ જર્જરિત જણાતા મકાન માલિકને તા.૨૩ મેંના રોજ સ્લેબ દુર કરવા અંગે નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ મકાન માલિક દ્વારા ગઈકાલે મકાનનો જર્જરિત સ્લેબ દુર કરવામાં આવ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર દેવાંગ દેસાઈએ આજે પણ શહેરના જુદા-જુદા વિસ્તારો અને મનપાના કેટલાક સંકુલોની મુલાકાત લીધી હતી. જેમાં હાલ વોર્ડ કમિટી દ્વારા ફાયર એન.ઓ.સી. અને બી.યુ. પરમિશન અંગેની ચકાસણીની જે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, તેની રૂબરૂ સમીક્ષા કરી હતી. નાનામવા ચોકડીએ મનપાના ઇન્ટીગ્રેટેડ કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) અને રૈયાધાર પાસે સ્થિત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટની પણ મુલાકાત લઇ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. હાલ રાજકોટ મનપા દ્વારા વોર્ડ વાઈઝ ચાલી રહેલ ફાયર ગધઈ અને બી.યુ. સર્ટીફિકેટ અંગે ચકાસણીની કામગીરી દરમિયાન તેમણે વોર્ડ નંબર ૧ અને ૨માં જઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

રાજકોટ મનપા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ મિલકતવેરો તથા પાણી વેરાની ભરપાઇ કરવા માટે તા. ૮ એપ્રિલ ૨૦૨૪થી વેરો વસુલવાની કામગીરી શરૂ થઈ હતી. જેમાં આજે ૩૧ મેનાં બપોરે ૧૧ વાગ્યા સુધીમાં ૨,૯૯,૦૬૯ કરદાતાઓ દ્વારા કુલ રૂ.૨૧૪.૫૧ કરોડ જેટલા વેરાની ભરપાઇ થઈ છે. જેમાં ઓફલાઇન (કેશ તથા ચેક) કુલ ૮૨,૨૧૧ કરદાતાઓએ રૂ. ૮૦.૭૧ કરોડ અને ઓનલાઇનના કુલ ૨,૧૬,૮૫૮ કરદાતાઓએ રૂ. ૧૩૩.૮૦ કરોડનાં વેરાની ભરપાઇ કરી છે. કુલ વસુલ કરેલ રકમ પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ. ૨૧.૪૫ કરોડનું ડિસ્કાઉન્ટ અપાયું છે. હાલમાં જે ૧૦% અને ૧૫% ડિસ્કાઉન્ટ સ્કીમ ચાલુ હતી તેનો આજે છેલ્લો દિવસ છે. આવતીકાલથી ૧ મહિનો ૫% ડિસ્કાઉન્ટની સ્કીમ ચાલુ રહેશે.

તાજેતરમાં રાજકોટમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ભયંકર દુર્ઘટના બન્યા બાદ સફાળા જાગેલા સરકારી તંત્ર દ્વારા ધડાધડ આગમચેતીના પગલા રૂપે કામગીરી કરી અને પગલા લેવામાં આવી રહ્યા છે. રાજકોટમાં મોટા ભાગના ગેમ ઝોન ફાયર એનઓસી વીના ધમધમતા મોલ, મેળાઓ વગેરે તંત્રએ બંધ કરાવી દીધા છે. હજુ પણ સઘન ચેકિંગ કરાઈ રહ્યું છે. ત્યારે જીલ્લા કલેક્ટરની સૂચના મુજબ રાજકોટ પશ્ચિમ મામલતદાર દ્વારા રાજકોટ શહેરમાં રેસકોર્સમાં આવેલ અને છેલ્લા ઘણા વર્ષોથી ધમધમતા બાલભવનને પણ સલામતીના પગલા રૂપે બંધ કરી દેવામાં આવ્યું છે. તેવું મામલતદાર કચેરીના સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. બાલભવનમાં તપાસ કરાતા સંસ્થા પાસે કોઈ ફાયર એનઓસી ન હતી, તેમજ અગ્નિશામકના કોઈ સાધનો ન હતા. જ્યારે સીસીટીવી સહિતની પણ કોઈ સુવિધા ન હતી. આથી તંત્ર દ્વારા બાલભવનને બંધ કરી દેવામાં આવ્યું છે.

રાજકોટ ડીવીઝનના વાંકાનેર-અમરસર સેક્શનમાં આવેલ રેલવે ક્રોસિંગ નં. ૯૭ (અમરસર ફાટક) મેન્ટેનન્સ કામગીરીના લીધે ૧ જૂન ૨૦૨૪ના રોજ રાત્રે ૨૨.૦૦ વાગ્યાથી ૨ જૂન ૨૦૨૪ના સવારે ૦૬.૦૦ વાગ્યા સુધી એટલે કે કુલ ૮ કલાક માટે બંધ રહેશે. તેવી જ રીતે, આ ફાટક ૨ જૂન ૨૦૨૪ના રોજ પણ રાત્રે ૨૨.૦૦ વાગ્યાથી ૩ જૂન ૨૦૨૪ના રોજ સવારે ૦૬.૦૦ વાગ્યા સુધી એટલે કે ૮ કલાક માટે બંધ રહેશે. આ સમય ગાળા દરમિયાન હળવા વાહન ધારક રેલવે અંડર પાસ નંબર ૯૬ અને રેલવે ક્રોસિંગ નં. ૯૮નો ઉપયોગ કરી શકશે.

# સુનિલકુમાર ગુપ્તાએ રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ ઓપરેશન મેનેજર તરીકેનો ચાર્જ સંભાળ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



સુનિલ કુમાર ગુપ્તાએ રાજકોટ ડિવિઝન ના સિનિયર ડિવિઝનલ ઓપરેશન મેનેજર તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. સુનિલ કુમાર ગુપ્તા ની નિયુક્તિ આર. સી. મીણા ની જગ્યાએ થઈ છે જેમની રાજકોટ ડિવિઝનમાં સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર તરીકે બદલી કરવામાં આવી છે. ગુપ્તા ભારતીય રેલવે ટ્રાફિક સેવાના ૨૦૧૩ બેચના અધિકારી છે. તેમણે પશ્ચિમ રેલવેમાં વડોદરા, નાંદેડ, ગાંધીધામ, અમદાવાદમાં વિવિધ મહત્વની જગ્યાઓ પર કામ કર્યું છે. સિનિયર ડિવિઝનલ ઓપરેશન મેનેજર-રાજકોટનો ચાર્જ સંભાળતા પહેલા તેઓ પશ્ચિમ રેલવેના ડિવિઝનના ટ્રાફિક વિભાગમાં સિનિયર ડિવિઝનલ ઑપરેશન મેનેજર (જનરલ) તરીકે કાર્યરત હતા. શ્રી ગુપ્તાએ પશ્ચિમ રેલવેમાં સલામતીના અમલીકરણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. શ્રી ગુપ્તાને પુસ્તકો વાંચવામાં ઊંડો રસ છે.

# ટંકારાના ઓટાળા ગામની વાડીએ ટ્રેક્ટર હડફેટે ૬ વર્ષીય બાળકીનું કરૂણ મૃત્યુ

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારા તાલુકાના ઓટાળા ગામે આવેલ વાડી-ખેતરમાં અચાનક ટ્રેક્ટર સામે આવેલ મધ્યપ્રદેશના શ્રમિક પરિવારની ૬ વર્ષીય બાળકીનું ટ્રેક્ટર હડફેટે કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે બાળકીના પિતા દ્વારા આરોપી ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે સમગ્ર અકસ્માતના બનાવ અંગે ટ્રેક્ટર ચાલક આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર મૂળ મધ્યપ્રદેશના વતની હાલ ટંકારા તાલુકાના ઓટાળા ગામે મુકેશભાઈ ઘોડાસરાની વાડીએ વાવેતર ભાગમાં રાખેલ અને ત્યાં જ રહેતા ભાયાભાઇ ઠાકુરસિંગ મોહનીયા ઉવ.૩૭ એ આરોપી ટ્રેક્ટર રજી. નં.જીજે-૩૬-એજે-૧૦૭૩ના ચાલક સંજયભાઇ જાલમસિંહ મોહનીયા વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ગત તા.૨૬/૦૫ ના રોજ આરોપી સંજયભાઇ મોહનીયાએ પોતાના હવાલા વાળુ ટ્રેક્ટર રજી.જીજે-૩૬-એજે-૧૦૭૩ વાળુ ફુલ સ્પીડમાં ગફલતભરી રીતે ચલાવતા હોય ત્યારે અચાનક ટ્રેક્ટરની સામે આવી ગયેલ ભાયાભાઈની દીકરી મધુબેન ભાયાભાઇ ઠાકુરસિંહ મોહનીયા ઉવ.૬ને ટ્રેક્ટર હડફેટે લઇ લેતા બાળકીને માથાના ભાગે ગંભીર ઇજા પહોચતા તેનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું. બનાવ બાદ તુરંત બેશુદ્ધ હાલતમાં બાળકીને ટંકારા સરકારી હોસ્પિટલ ખાતે લઇ જવામાં આવી હતી ત્યારે ફરજ પરના ડોક્ટરે બાળકીને જોઈ તપાસી મૃત જાહેર કરી હતી. ત્યારે સમગ્ર અકસ્માતમાં મૃત્યુ અંગેના આ બનાવમાં મૃતક બાળકીના પિતાની ફરિયાદના આધારે ટ્રેક્ટર ચાલક આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ ચલાવી છે.

# ૧૪ જૂન ની ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ ટ્રેન આંશિક રીતે પરિવર્તિત માર્ગથી ચાલશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉત્તર મધ્ય રેલવેના યમુના બ્રિજ અને આગરા ફોર્ટ સ્ટેશનો વચ્ચે ડબલિંગ કાર્ય માટે નોન ઈન્ટરલોકિંગ કામને કારણે રાજકોટ ડિવિઝન માં થી પસાર થનારી ઓખા-ગુવાહાટી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન આંશિક રીતે પરિવર્તિત માર્ગથી ચાલશે. ૧૪ જૂન ૨૦૨૪ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી સાપ્તાહિક એક્સપ્રેસ પોતાના નિર્ધારિત માર્ગ બયાના-આગરા ફોર્ટ-ટૂંડલાને બદલે આંશિક રીતે પરિવર્તિત માર્ગ વાયા બયાના-આગરા કેન્ટ-ઉદી મોડ-ઇટાવાના માર્ગે ચાલશે. આ ટ્રેન આગરા ફોર્ટ અને ટૂંડલા સ્ટેશનો પર નહીં જાય.

યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ઈશ્વરીયા પાર્ક ખાતે અગ્નિ સુરક્ષાર્થે વિવિધ પોઈન્ટ પર લગાવેલા અગ્નિશામક સાધનો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા વહીવટી તંત્ર રાજકોટ દ્વારા સંચાલિત વેલી ઓફ વાઇલ્ડ ફ્લાવર હિલ ગાર્ડન પ્રોજેક્ટ ઈશ્વરીયા પાર્ક ખાતે આગથી બચવા સલામતીના ભાગ રૂપે જુદા જુદા સ્થળોએ મળીને ૮ જેટલા અગ્નિશામક સાધનો સહિતની વ્યવસ્થા પર્યાપ્ત રાખવામાં આવેલી છે.

જેમાં પ્રવેશ દ્વારા નં.૧ પાસે બે અગ્નિશામકો, ગેટ નં. ૨ પાસે બે અગ્નિશામકો, બોટિંગ ટીકીટ વિન્ડો પાસે બે અગ્નિશામક, બોટિંગ એન્ટ્રી પાસે એક અગ્નિશામક, ખાણીપીણી ની કેન્ટીનમાં એક અગ્નિશામક એમ મળી કુલ આઠ અગ્નિશામકો ઉપલબ્ધ છે આ સાથે ચાર બકેટ રેતી ભરી સ્ટેન્ડ સાથે લગાવવામાં આવેલ છે.

# વાંકાનેર-અમરસર સેક્શનમાં આવેલ અમરસર ફાટક મેન્ટેનન્સ કામગીરી માટે બે દિવસ ૮ કલાક બંધ રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડીવીઝનના વાંકાનેર-અમરસર સેક્શન માં આવેલ રેલવે ક્રોસીંગ નં. ૯૭ (અમરસર ફાટક) મેન્ટેનન્સ કામગીરી ના લીધે ૧ જૂન ૨૦૨૪ ના રોજ રાત્રે ૨૨.૦૦ વાગ્યાથી ૨ જૂન ૨૦૨૪ ના સવારે ૦૬.૦૦ વાગ્યા સુધી એટલે કે કુલ ૮ કલાક માટે બંધ રહેશે. તેવી જ રીતે, આ ફાટક ૨ જૂન ૨૦૨૪ ના રોજ પણ રાત્રે ૨૨.૦૦ વાગ્યાથી ૩ જૂન ૨૦૨૪ના રોજ સવારે ૦૬.૦૦ વાગ્યા સુધી એટલે કે કુલ ૮ કલાક માટે બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન હળવા વાહન ધારક રોડ ઉપયોગકર્તાઓ રેલવે અંડર પાસ નંબર ૯૬ અને રેલવે ક્રોસિંગ નં. ૯૮ નો ઉપયોગ કરી શકે છે.

# જામનગરથી માતાને મળવા આવેલી માનસિક બિમાર યુવતી રાજકોટમાં ભુલી પડી

## ૧૮૧ અભયમ ટીમ અને સી ટીમની સુઝ બૂઝથી યુવતીનું તેના પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**




ગઈ તા:- ૩૦-૦૫-૨૦૨૪ ના રોજ એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનમાં ફોન કરી જણાવેલ કે એક અજાણી યુવતી છેલ્લા એકાદ કલાકથી સિવિલ હોસ્પિટલ પાસે બેઠેલી છે. યુવતીના વર્તન પરથી તેવો માનસિક રીતે બિમાર હોય તેવું લાગે છે.તેથી ૧૮૧ મહિલા હેલ્પલાઇન ની મદદ ની જરૂર છે.જેના પગલે ૧૮૧ ના કાઉન્સેલર વૈશાલી ચૌહાણ , કોન્સ્ટેબલ ભૂમિ બેન તેમજ પાઇલોટ ધવલ ભાઈ ઘટના સ્થળે અજાણી યુવતીની મદદ માટે પહોચ્યા. ત્યારબાદ ૧૮૧ ટીમે યુવતીની સાથે શાંતચીત સ્વભાવે પૂછપરછ કરેલ તેમનું નામ, સરનામુ જાણવાના પ્રયત્ન કરેલા પરંતુ યુવતી નું કુશળ કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું કે યુવતી તેની માતાને મળવા માટે નીકળી ગયેલ છે યુવતી એ તેના માતાનું નામ જણાવેલ અને તેઓ જામનગર રહેતા હતા તેવું જણાવેલ અહીં રાજકોટમાં તેમના બહેન રહે છે પરંતુ યુવતીને તેમનું પ્રોપર એડ્રેસ ખ્યાલ ન હતું .ઘટના સ્થળે થોડીવાર પછી સી ટીમ પણ હાજર હોય જેથી ૧૮૧ અને તવય ચિંફળ ના કોન્સ્ટેબલ ધરતી બેન અને ધારા બહેન પણ ઘટના સ્થળે હાજર હતા. યુવતીના માતા યુવતી ને જાણ કર્યા વગર જામનગર થી અહીં રાજકોટ આવેલા તેથી યુવતી તેમને મળવા માટે અહીં આવેલા યુવતી પાસે મોબાઇલ ફોન હતો જે ફોન સ્વીચ ઓફ હોય ત્યારબાદ મોબાઈલ ફોનમાં ચાર્જ કરેલ કરેલ અને તેમાં યુવતીના એક બહેન ના નંબર હોય જે નંબર મારફતે યુવતીના માતા નો કોન્ટેક કરેલ અને તેમના માતાએ જણાવેલ સરનામે લઈ ગયેલ. યુવતી ના બહેનના ઘરે યુવતીના માતા અને બહેન હાજર હતા યુવતીના માતાને પૂછપરછ કરતા જાણવા મળેલ કે યુવતી છેલ્લા ૧૨ વર્ષ અંદાજિત થી માનસિક રીતે અસ્વસ્થ હોવાથી ઘરેથી અવાર-નવાર નીકળી જાય છે. યુવતીના માતાએ જણાવેલ કે યુવતી સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ કરી અલગ અલગ વ્યક્તિઓ સાથે વાતો કરે છે તેથી તેમના માતાએ યુવતી ને એકલી મુકેલ યુવતીની માનસિક બીમારી ની દવા સમયસર લેવી તેવું સમજાવેલ. યુવતી જામનગર થી આજે જ રાજકોટ આવ્યા . ૧૮૧ ની ટીમે યુવતીનું કાળજી પૂર્વક ધ્યાન રાખવા તેમના માતા ને સમજણ આપી અને રોજ ટાઈમ પર દવા આપવાનું જણાવેલ.હવે પછી આમ યુવતીને એકલા મૂકવા નહીં તેવું જણાવેલ યુવતીને પણ પોતાનુ ધ્યાન રાખવા ને એકલા બહાર ન જવા જણાવેલ તેથી મતા એ જણાવેલ કે તેવો હવે પછી યુવતીનું વધુ સાર સંભાળ રાખશે.યુવતી ને તેની માતાને સુરક્ષિત સોપેલ છે અંતે યુવતીને તેની માતાને શોપેલ તેમના માતાએ ૧૮૧ તથા સી ટીમનું આભાર વ્યક્ત કરેલ.

# કર્મજ્ઞાન એટલે શુદ્ધિકરણની પ્રક્રિયાઃ ડૉ. રાજીવ મિશ્રા

## યોગ અને કર્મયોગનો સંગમ માનવીના જીવનને ખુશીથી ભરી દે છે : દર રવિવારે કર્મ વિજ્ઞાન પર ડોક્ટર રાજીવ મિશ્રા દ્વારા નિશુલ્ક વ્યાખ્યાન માળા યોજાય છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**



યોગ અને પ્રાણાયામ સાથે જો કર્મ જ્ઞાનનો સંગમ થાય તો માનવીનું જીવન ખુશીથી ભરપૂર બની જાય છે કર્મજ્ઞાન એ શુદ્ધિકરણની પ્રક્રિયા છે. આ વાત મોટીવેશન ગુરુ અને કર્મયોગી ડોક્ટર રાજીવ મિશ્રાએ કરી હતી તેમણે જણાવ્યું હતું કે જે રીતે સ્નાન શરીરને, ધ્યાન મનને, પ્રાર્થના આત્માને, યોગ આરોગ્યને તેમજ ક્ષમાં સંબોધોને શુદ્ધ કરે છે તે જ રીતે કર્મજ્ઞાન ફક્ત પોતાના જીવનને જ પરંતુ સમાજમાં શુદ્ધિકરણ નો સુત્રપાત કરે છે માનવમાં માનવતા નો સંચાર કરે છે . આ કર્મજ્ઞાનને વિસ્તૃત રીતે સમજવા માટે દર રવિવારે સવારે ૭:૪૦ વાગ્યાથી ૮ ૨૦ સુધી કર્મયોગ મંદિર ઇવનિંગ પોસ્ટ, જુબેલી બાગ પાસે ડોક્ટર મિશ્રા દ્વારા નિશુલ્ક યોજવામાં આવે છે વધુ વિગત તેમ જ કર્મજ્ઞાન ગ્રુપમાં જોડાવા ડૉ ડ રાજીવ મિશ્રા whatsapp નંબર ૮૫૧૧૮૨૯૦૦૨ નો સંપર્ક કરવો

# મેટોડા પાસે હિટ એન્ડ રનની ઘટનાઃ કાર ચાલકે યુવતીને હડફેટે લેતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**



મેટોડા જીઆઈડીસીમાં પૂર ઝડપે વર્ના કારના ચાલકે ત્રણ લોકોને હડફેટે લેતા માતા-પુત્રના મોત નિપજયાંની ઘટનાની શાહી હજૂ સુકાઈ નથી.ત્યારે ફરી મેટોડા જીઆઈડીસી ગેઈટ નં ૩ મણીદીપ મંદીર પાસે રાત્રીના હીટ એન્ડ રનની ઘટના બનવા પામી છે.

મેટોડાની ખાનગી કંપનીમાં નોકરી કરતા મીનાક્ષીબેન ખીમજીભાઈ મહેડા ઉ.વ.૨૩ નામની યુવતી કામ પુર્ણ કરી ઘરે જતી હતી તે દરમ્યાન અજાણ્યા કાર ચાલકે અડફેટે લેતા માંથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા થતા ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયાં હતા.ઘટનાની જાણ થતાં જ મેટોડા પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો. મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડી અકસ્માત સર્જી નાશી જનાર કાર ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ત્રણ બહેન અને એક ભાઈમાં નાના હતા.અકસ્માતમાં મૃત્યુ નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે.

# અવધના ઢાળીએ ચાર વર્ષની બાળા સાથે શખ્સે અડપલા કરતા લોકોએ ધોકાવી નાંખ્યો

## રોષે ભરાયેલાં ટોળાએ શખ્સને અર્ધનગ્ન કરી પોલીસને સોંપ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરની ભાગોળે અવધ વિસ્તારમાં આવેલ ટાઉનશીપ પાસે ધોળા દિવસે પરપ્રાંતીય શ્રમિક પરિવાર સામાન લઇ મોરબી જવા એક રીક્ષા બંધાવી હતી દંપતિ સામાન રીક્ષામાં મૂકતો હતો ત્યારે આ પરિવારની ૪ વર્ષની દીકરી સાથે શખ્સે શારીરિક અડપલા કરતા દંપતિ સહિતના લોકોએ રંગેહાથ ઝડપી લઇ શખ્સને અર્ધનગ્ન કરી ઢોર માર માર્યો હતો અને બાદમાં પોલીસને સોપવા તજવીજ હાથ ધરી હતી.

રાજકોટના અવધ નજીક વીર સાવરકર નગર આવાસ યોજના પાસેથી મોરબી જવા માટે એક શ્રમિક પરિવારે રીક્ષા બંધાવી હતી દંપતિ સામાન લઈને રીક્ષામાં મુકતા હતા અને તેની ૪ વર્ષની દીકરીને પણ રીક્ષા પાસે ઉભી રાખી હતી ત્યારે એક બાઈક લઈને નીકળેલા શખ્સે આ બાળકીઉપર નજર બગાડી હતી અને તેણી સાથે શારીરિક અડપલા કરવા લાગ્યો હતો સામાન લઈને આવેલ પરિવારજનો શખ્સની આ હરકત જોઇને રોષે ભરાયા હતા અને દબોચી લઈ સાવરણા અને પાઈપ વડે ઢોર માર માર્યોહતો દરમિયાન રોષે ભરાયેલા ટોળાએ શર્ટ-પેન્ટ કાઢી અર્ધનગ્ન હાલતમાં રીક્ષામાં બેસાડી મારકૂટ કરી હતી અને બાદમાં પોલીસને સોપવા તજવીજ હાથ ધરી હતી.

# અગ્નિકાંડમાં ઝડપાયેલાં તમામ આરોપીઓને ઘરના ટીફીનની મનાઈ

## પોલીસ દ્વારા આપવામાં આવતુ ભોજન લેવું પડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગેમઝોન દુર્ઘટનામાં રાજ્ય સરકાર પણ ગંભીર હોય ફરિયાદ નોંધાયા બાદ અને સીટની રચના બાદ ચાર અધિકારી સહીત નવ આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ લેવામાં આવ્યા છે સાપરાધ મનુષ્ય વધના ગુનામાં પકડાયેલા તમામ ૯ આરોપી હાલ ક્રાઈમ બ્રાંચના ચૂસ્ત બંદોબસ્ત હેઠળ હોય તમામને ઘરના ટીફીનની મનાઈ કરવામાં આવી હોય પોલીસ જ ભોજન કરાવી રહી છે.

રાજકોટના અગ્નિકાંડમાં તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ તપાસ ક્રાઈમ બ્રાંચને સોપવામાં આવી હતી ક્રાઈમ બ્રાંચ પાઈ ગોંડલીયા સહિતની ટીમે પ્રથમ ૫ આરોપીઓની ધરપકડ કરી હતી જેમાં ભાગીદારો, સંચાલકોનો સમાવેશ થાય છે તે તમામ આરોપીઓ રિમાન્ડ પર છે જયારે આ ગંભીર દુર્ઘટનામાં જવાબદાર એવા ટીપીઓ એમ ડી સાગઠીયા, એટીપીઓ મકવાણા, જોષી અને ફાયર ઓફિસર વિગોરાની પણ સંડોવણી ખૂલતા તે ત્રણેયની પણ ધરપકડ કરવામાં આવી હતી અને ત્રણેયના ૧૨ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે દરમિયાન અતિ સંવેદનશીલ ઘટના હોય પોલીસ કોઈ રિસ્ક લેવા માંગતી ન હોય તમામ આરોપીઓને ઘરના ટીફીનની મનાઈ ફરમાવી દેવામાં આવી છે આરોપીઓને બંને ટાઈમ શાક-રોટલીનુંભોજન પોલીસ દ્વારા પીરસવામાં આવી રહ્યું છે.

# અગ્નિકાંડની ગોઝારી ઘટનામાં નાયબ મામલતદાર, કારકુનને સાક્ષી બનાવવા એસીબીની તૈયારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવેલ ટીઆરપી ગેમઝોનમાં લાગેલી આગમાં મહાપાલિકા અને પોલીસ વિભાગના અધિકારીઓ સામે કાયદાનો સંકજો કસાયો છે. ત્યારે આ ઘટનામાં આવા અધિકારી સામે સરકારી સાહેદ તરીકે કલેક્ટર કચેરીના નાયબ મામલતદાર અને કારકૂનને જોડવા એસીબીની ટીમ કલેક્ટર કચેરીમાં દોડી આવતા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો હતો. સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતું કે, આગ દુર્ઘટનામાં રાહત બચાવ તરીકે કલેક્ટર કચેરીના નાયબ મામલતદાર, કારકૂન જોડાયા હતા.તેઓને આ કેસમાં સરકારી સાક્ષી બનાવવા માટે એસીબીની એક ટીમ બપોરે કચેરીમાં આવી ત્રણ કર્મચારીઓને જાણ કરવામાં આવી છે.

# મોરબીઃસેસન્સ કોર્ટમાં ખોટા સોલવંશી જામીન રજુ કરવાના ગુનામાં ફરાર આરોપીને પેરોલ ફર્લો સ્ક્વોડે ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી નામદાર સેસન્સ કોર્ટમાં ખોટા સોલવંશી જામીન રજુ કરવાના ગુનામાં છેલ્લા એકાદ વર્ષથી નાસતા ફરતા આરોપીને મોરબી પરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા વાંકાનેરની દીઘેલીયા ચોકડી ખાતેથી ઝડપી લઇ હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે બી ડિવિઝન પોલીસ મથકને સોંપી આપેલ છે.

મળતી માહિતી અનુસાર મોરબી સેસન્સ કોર્ટમાં ખોટા સોલવંશી જામીન મોરબી રજુ કરવા બદલ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં કુલ ત્રણ આરોપીઓ સામે કેસ નોંધાયેલ હતો જે પૈકી બે આરોપીની અટક કરી લેવામાં આવી હતી જયારે આરોપી સુરેન્દ્રનગર જીલ્લાના મોરથળા ગામના રાજુભાઇ બુટાભાઇ ફાંગલીયાની અટક કરવા બાકી હોય જે આ કેસમાં છેલ્લા એક વર્ષથી ફરાર હોય જેને મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા પૂર્વ બાતમીને આધારે વાંકાનેર દીઘલીયા ચોકડી પાસે આવેલ દ્વારકાધીશ હોટલ પાસેથી પકડી હસ્તગત કરી પેરોલ ફર્લો સ્કોડ, ની કચેરી ખાતે લાવી ઉપરોકત ગુનામાં અટક કરી આગળની કાર્યવાહી અર્થે મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં સોપવા કાર્યવાહી હાથ ઘરેલ છે.

# જામકંડોરણાના ખજુરડા ગામે ચમત્કાર બતાવી રૂપિયા ૧૩ લાખની છેતરપિંડી કરનાર મદારી ગેંગ ઝબ્બે

## મદારી ગેંગ સાધુનો વેસ ધારણ કરી ભીક્ષા માંગવા નિકળતા, રૂદ્રાક્ષનો પારો આપી ધન પ્રાપ્તીની લાલચ આપી લોકોને ભરમાવતા:પોલીસે ચાર શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૬.૧૯ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

જામકંડોરણા તાલુકાના ખજુરડા ગામે ચાર મહિના પહેલા એક દુકાનદારને સાધુના વેશમાં આવેલા શખ્સોએ ચમત્કાર બતાવી વિશ્વાસમાં લઈ તાંત્રિકવિધિ કરવાના બહાને રૂ.૧૩ લાખની ઠગાઈ ર્ક્યાની ફરિયાદ પોલીસમાં નોંધાયા બાદ સ્થાનિક પોલીસે મદારી ગેંગના ચાર શખ્સોની ધરપકડ કરી અન્ય ચાર આરોપીઓની શોધખોળ આદરી છે.



આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ચાર મહિના પહેલા ખજુરડા ગામે રહેતો યુવાન પોતાની દુકાને હતો ત્યારે એક અજાણ્યો માણસ સાધુ વેશમાં દક્ષિણા માંગવા આવી મોબાઈલ નંબર મેળવી અને અન્ય શખ્સોને આ યુવાન સાથે વાત કરાવી માતાજી પ્રસન્ન થયા છે. અને ધન પ્રાપ્તિ થશે તેમ વિશ્વાસમાં લઈ ટેલિફોનિક વાત કરી તાંત્રિકવિધિ કરાવી માતાજી ક્રોધિત થયેલ છે. તેઓ દર બતાવી માતાજીને મનાવવા અલગ-અલગ જગ્યાએ ધુપ મંગાવવા રૂ.૧૩ લાખની રકમની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ જામકંડોરણા પોલીસમાં નોંધાવતા બનાવને ગંભીરતાને ધ્યાને લઈ એસ.પી.જયપાલસિંહ રાઠોડની સુચનાથી જેતપુર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એ.આર.ડોડીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.એમ.ડોડીયા એએસઆઈ મનજીભાઈ ચૌહાણ હેડ કોન્સ્ટેબલ સુરેશભાઈ, ધિરેનભાઈ, રામભાઈ, રવિરાજસિંહ સહિતના સ્ટાફ દ્વારા અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. તે દરમિયાન પોલીસને હકીક્ત મળી હતી કે રૂ.૧૩ લાખની છેતરપિંડી કરનાર મદારી ગેંગ હોવાની જાણ થતા પોલીસે મોરબીના નવામકનસર ગામ થી જાલમનાથ રાજુનાથ પઢીયાર, જોગનાથ રાજુનાથ, જામનગરના લાલપુર રોડ પર રહેતો પ્રકાશનાથ ઝવેરનાથ, ઝવેરનાથ રાજુનાથ સહિત ચાર શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૪ લાખ ૬૦ હજાર, મોબાઈલ એક કાર સહિત રૂ.૬.૧૯ લાખનો મુદ્દામાલ કબજે ર્ક્યો હતો. ઝડપાયેલા શખ્સોની પૂછપરછ કરતા લોધિકાના ખીરસરા ગામનો ઝાલમનાથ શંભુનાથ પઢીયાર, સાગરનાથ બાબુનાથ ભાટી, વાકાંનેર ભોજપરાનો આશમનાથ બકાનાથ પરમાર અને પ્રદેશનાથ ઠાકોરનાથ બાભણિયા સહિત મદારી ગેંગના વધુ ચાર શખ્સોના નામ ખુલતા પોલીસે શોધખોળ શરૂ કરી છે.

# એઈમ્સમાં નોકરી આપવાની લાલચ આપી તબીબે ૧૦ લોકો પાસેથી ખંખેર્યા રૂા.૫.૫૦ લાખ

## જિલ્લા આરોગ્ય અધિકારીની ઓળખ આપી રાજકોટના યુવકને ફસાવી તેના ૯ મિત્રોને પણ શીશામાં ઉતાર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની એઈમ્સમાં નોકરી આપવાનું કહી તબીબે ૧૦ નોકરી વાંચ્છુંકો પાસે રૂ.૫.૫૦ લાખ પડાવતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. જ્યારે આ તબીબે ડુપ્લીકેટ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સચિવાલય ગાંધીનગરના સહી-સિકકાવાળા ઓર્ડર પણ મોકલ્યા હતા. વિગતો મુજબ બનાવ અંગે રાજકોટમાં રેલનગર હાયર સ્ટેશનની બાજુમાં ક્રાંતિવીર ખુદીરામ બોઝ ટાઉનશીપમાં રહેતા મૂળ કોડીનારના રોણાજ ગામના વતની હરેશભાઈ બાલુભાઈ સવનીયા (ઉ.વ.૨૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ડો. જતીન પોળકિયાનું નામ આપી જણાવ્યું હતું કે, તે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ સ્ટર્લિંગ હોસ્પીટલમાં છેલ્લા ચાર વર્ષથી




નર્સિંગ સ્ટાફમાં નોકરી કરે છે. ગત ૦૫/૧૨ના તેમના ઈન્સ્ટાગ્રામમાં ડો. વિશ્વાસ પટેલની આઈડીમાંથી મેસેજ આવ્યો હતો. અને સામેવાળી વ્યક્તિએ એઈમ્સમાં નોકરી આપવાનું અને ૧૦ જગ્યા ખાલી હોવાનું કહી એક મોબાઈલ નંબર આપ્યો હતો. અને તેમ કોન્ટેક કરવાનું જણાવ્યું હતું. જેમાં હરેશભાઈએ સંપર્ક કરતાં સામે વાળા વ્યક્તિએ પોતે ગાંધીનગરથી મુખ્ય જિલ્લા આરોગ્ય શિકારી બોલે છે. તેવું જણાવ્યું હતું, અને નોકરી આપવી દેવાની વાત કરી ૫૫ હજાર માંગ્યા હતા. અને હરેશભાઈએ પૈસા મોકલ્યાના એક મહિના બાદ ડુપ્લીકેટ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સચિવાલય ગાંધીનગરના સહી, સિકકાવાળા ઓર્ડર પણ મોકલી આપ્યો હતો. અને જોઈનીંગ લેટર એક માસમાં આપી દેશે તેવું જણાવ્યું હતું. જેથી હરેશભાઈને વિશ્વાસ આવી ગયો હતો. જ્યારે તબીબે વધુને શિકાર બનવાનો પ્લાન કરી હરેશભાઈ અન્ય કોઈને નોકરીની જરૂર હોય તો તેવી વાત કરી હતી. જેથી યુવકને તેના અન્ય ૯ મિત્રોને આ બાબતે વાત કરતાં તેઓએ તબીબને રૂ. ૫૫ હજાર મોકલ્યા હતા. અને તબીબે આ તમામ લોકોને નકલી ઓર્ડર મોકલી આપ્યો હતો. જ્યારે એક માસ જતા હરેશભાઈએ તબીબનો સંપર્ક કરતાં તેનો ફોન બંધ આવ્યો હતો. અને તપાસ કરતાં તેઓ છેતરપિંડીના ભોગ થયાનું જણાવ મળતા તેમણે રૂ.૫.૫૦ લાખની છેતરપિંડી થયાની ફરિયાદ નોંધાવી હતી.

# સોખડા ચોકડી પાસે વેપારી પર હુમલો કરી ચાર શખ્સો લૂંટ ચલાવી ફરાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નવાગામમાં રહેતા અને સોખડા ચોકડી પાસે પાનની કેબીન ધરાવતા ધંધાર્થી પ્રૌઢ ઉપર કારમાં આવેલા ચાર શખ્સોએ હુમલો કરી મોબાઇલ અને રોકડની લૂંટ ચલાવી નાશી ગયા હતા. હુમલામાં આરોપીએ ધંધાર્થીના પગ ભાંગી નાખતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. આ અંગે પોલીસે સીસીટીવી ફુટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.



આ અંગેની માહિતી મુજબ નવાગામમાં છપ્પન કર્વાટરમાં રહેતા અને સોખડા ચોકડી પાસે ચા-પાનની કેબીન ચલાવતા ધીરૂભાઈ કાનજીભાઈ ચૌહાણ (ઉ.વ.૬૦) નામના પ્રૌઢ હતા ત્યારે કારમાં અજાણ્યા ચાર શખ્સો ઘસી આવ્યા હતા અને ધીરૂભાઈ ચૌહાણ ઉપર ધોકા- આ હુમલામાં ઇજાગ્રસ્ત ધીરૂભાઈનો પગ ભાંગી જતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી કુવાડવા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઇ ઇજાગ્રસ્ત પ્રૌઢનું નિવેદન નોંધી સીસીટીવી ફુટેજના આધારે લૂટારૂઓની ભાળ મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગઇકાલે બપોરે પોતાની કેબીને એકલા પાઈપથી તૂટી પડયા હતા. આરોપીઓએ ધંધાર્થી ઉપર હુમલો કરી કેબીનમાં તોડફોડ કરી મોબાઇલ અને થડામાં રહેલી રોકડ રકમની લૂંટ કરી કારમાં ફરાર થઇ ગયા હતા.

# મનપાના ટીપીઓ સાગઠીયા સહિત ચાર અધિકારીઓ ૧૨ દિવસના રિમાન્ડ પર

## આરોપીઓએ આર્થિક લાભ લીધો હતો કે નહિ?, બાંધકામ તોડવાની કાર્યવાહી કયા કારણોસર ન કરી? તે સહિતના મુદ્દે રિમાન્ડની માંગણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મનપાના તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયા, એટીપીઓ મુકેશ મકવાણા અને ગૌતમ જોષી તેમજ ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરા સામે પોલીસ ફરિયાદ નોંધીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. ચારેય આરોપીને કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જ્યારે કોર્ટે ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

સ્પે પી.પી તુષાર ગોકાણીએ દલીલ કરી હતી કે, અગાઉના ૬ આરોપીઓ સાથે આમના નામ પણ જોડશે. તેમજ ફરિયાદમાં કલમ ૩૬નો ઉમેરો કરાશે.



વધુમાં જણાવ્યું કે, ૪ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ પણ વેલ્ડિંગના કારણે આગ લાગી હતી. આમાનો એક ફાયર ઓફિસર સ્થળ પર પહોંચ્યો હતો તો પણ ( એણે ફાયર ઓનઓસી માગી નહોતી. જે બાબતે આરોપીની કસ્ટડીની જરૂર છે. તેમજ આ ગેમઝોનનું બાંધકામ ઈલલીગલ છે ? ? તો કેમ અત્યાર સુધી તેને તોડી પાડવા કાર્યવાહી કરવામાં ન આવી શું આરોપીઓ દ્વારા કોઈ આર્થિક લાભ લીધો હતો ? કે પછી ? કાર્યવાહી ન કરવા માટે કોઈની સૂચના હતી કે દબાણ હતું તે અંગે પણ વધુ તપાસ માટે આરોપીની કસ્ટડીની જરૂર જણાવી હતી. તેમજ ૨૦૨૧થી આજદિન સુધી કોણે કોણે પોતાની ફરજ નિભાવી નથી તે બાબતે પણ પોલીસ આરોપીઓની પુછપરછ કરશે. આરોપી ગૌતમ જોશીએ કોર્ટમાં જણાવ્યું હતું કે, મે એક પણ જગ્યાએ સહી કરેલી નથી. અન્ડરમાં આવે છે. ની ધરપકડ કરવામાં આવી નથી. કોર્ટે કહ્યું હતું કે, જોશીની સહી નથી, પરંતુ એમનો રોલ તો છે જ.

આરોપી તરફી રજૂઆત કરવામાં આવી હતી કે, જે કોઈ ડોક્યુમેન્ટ રેકર્ડ ઉપર છે તે ઇન્વેસ્ટિગેશન અધિકારીને આપી દેવામાં આવ્યા છે. બધા પુરાવા અમે આપી દીધા છે. હજુ જરૂર હોય તો એક કે બે દિવસ રિમાન્ડ આપવા જોઈએ. ૧૪ દિવસના રિમાન્ડની જરૂર નથી. રોહિત વિગોરા ફિક્સ કર્મચારી છે, એમને ઉપલી અધિકારીના કહેવા મુજબ કામ કર્યું છે. મુકેશ મકવાણાની ૧૦ મહિના પહેલા બદલી થયેલી છે. યુવરાજને બાંધકામ તોડી પાડવા નોટિસ મુકેશ મકવાણાએ પાઠવેલી છે.

વધુમાં કોર્ટમાં ચાલતી દિલિલો વચ્ચે જાણવા મળ્યું હતું.કે, આરોપી યુવરાજનો ભાઈ તેજપાલ મહાપાલિકામાં અરજી માટે જતો હતો. ત્યારે આ અગિકાંડમાં હજુ કેટલા લોકોની મહત્વની ભૂમિકા છે તે જોવાનું રહ્યું.

# આ...લે...લે...વિવાદમાં ઘેરાયેલી સિવિલ હોસ્પિટલમાં ઉંદરનો ત્રાસ

## વોર્ડમાં દાખલ દર્દીઓને ઉંદરે કરડી ખાધા : ઈલેકટ્રીક વાયરીંગ કાપી નાંખતા ગેમ ઝોન જેવી દુર્ઘટના સર્જાવાની ભીતી

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલ અનેક વાર વિવાદમાં ઘેરાયેલી હોય ત્યારે રૂ.૧૫૦ કરોડના ખર્ચે પાંચ વર્ષ પહેલા નિર્માણ પામેલી પી.એમ.એસ.એસ.વાય બિલ્ડીંગમાં ઉંદરનો ભયંકર ત્રાસ હોવાનું સામે આવતા સિવિલ હોસ્પિટલના રેઢીયાળ તંત્રની પોલ છતી થઈ છે. વોર્ડમાં દાખલ દર્દીઓને ઉંદરડા કરડી ખાતા હોવાની ઘટના સામે આવી છે. જયારે ઈલેકટ્રીક વાયરીંગ ઉંદરો કાપી નાખતા હોય જેના કારણે શોર્ટ સર્કિટ થવાની સંભાવના પગલે રાજકોટમાં સર્જાયેલી ગેમ ઝોન જેવી દુર્ઘટનાનું પુનરાવર્તન થાય તેવી સ્થિતિ નિર્માણ પામી છે.




રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પાંચ વર્ષ પહેલા ૧૫૦ ના ખર્ચે નિર્માણ થયેલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નામ સાથે જોડાયેલ પીએમએસએસવાય બિલ્ડીંગમાં ઉંદરડોનો ભયંકર ત્રાસ જોવા મળી રહ્યો છે. દર્દીઓના બેડ પર ગમે તે સમયે ઉંદરડા આટાફેરા કરી રહ્યા હોય છે. ઉંદરડો વોર્ડમાં વાયરીંગ કાપી નાખતા હોય જેના કારણે શોર્ટ સર્કિટની ઘટનાઓ છાશવારે બનતી હોય છે. પ્લાસ્ટીક સર્જરી અને માનસીક વિભાગમાં પણ ઉંદરના ત્રાસની ફરિયાદો ઉઠવા પામી છે. હોસ્પિટલના પરીસરમાં આવેલ પીએમએસએસવાય બિલ્ડીંગના ચોથા માળે પ્લાસ્ટીક સર્જરી વિભાગમાં તબીબોએ સર્જરી ર્ક્યા બાદ સારવારમાં રહેલા ત્રણ દર્દીઓને ઉંદરડે કરડી ખાધાની ઘટના સામે આવી છે. જેમાં કાલાવડ રોડ પર રહેતા વનીતાબેન છાપરા, જસદણના ભાનુબેન રાદડીયા અને રમેશભાઈ જીવણભાઈ નામના ત્રણ દર્દીઓને ઉંદરડે બટકા ભાર્યા હોવાનું સામે આવ્યું છે.

# કણકોટમાં મતગણતરી કેન્દ્ર પાસે વાહનોની અવર જવર પર પ્રતિબંધ

## વૈકલ્પિક રૂટ અને પાર્કિંગની વ્યવસ્થા અંગે પોલીસ કમિશનરે જાહેરનામુ બહાર પાડયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભાની ચૂંટણીની આગામી તા.૪ જૂનના રોજ કણકોટ ખાતે ાવેલ ગર્વમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ ખાતે મતગણતરી થનાર હોય રાજકોટ જિલ્લાના મતગણતરી કેન્દ્ર આસપાસ વાહનોની અવરજવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

પ્રવેશબંધી તેમજ વૈકલ્પીક રૂટ અને પાર્કીંગ વ્યવસ્થાને લઈને પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાએ જાહેરનામું બહાર પાડ્યું છે અને ગતગણતરીના દિવસે સવારે પાંચ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી આ જાહેરનામું અમલમાં રહેશે.



રાજકોટ જિલ્લા અને શહેરની લોકસભાની સિટ માટે મતગણતરી ૪ જૂને કણકોટની સરકારી એન્જીનીયરીંગ કોલેજ ખાતે થનાર હોય જેને લઈ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાએ જાહેરનામું બહાર પાડયું છે. જેમાં ઘોડાધાર મંદિર સુર્યમુખી ચોકથી ગવર્મેન્ટ એન્જીનીયરીંગ કોલેજથી પાટીદાર ચોક રસ્તા પર તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી તેમજ આધ્યાશક્તિ ટી સ્ટોલથી ગવર્મેન્ટ કોલેજથી પાટીદાર ચોક સુધી ભારે વાહનો માટે પ્રતિબંધી રહેશે. જ્યારે વૈકલ્પીક રૂટ માટે કણકોટ રોડ થી કાલાવડ રોડ, કોસ્મો ચોકડીથી નવા ૧૫૦ના રીંગ રોડથી પાટીદાર ચોક તરફ જઈ શકાશે. તેમજ ઘોડાધાર મંદિર તરફ જવા માગતા લોકોને પાટીદાર ચોકથી ૧૫૦ ફુટ ચોક થઈ કોસ્મો ચોકડીથી કાલાવડ રોડ, કણકોટ રોડ તરફ જઈ શકશે તેમજ ઘોડાધાર મંદિર તરફથી સીટી પાર્ટી પ્લોટ સુધીના રોડની બન્ને સાઈડ નો પાર્કીંગ જાહેર કરવામાં આવ્યું છે.

પાર્કીંગ માટે વાલ્વી ગેરેજની પાછળ ખુલ્લા ગ્રાઉન્ડમાં તથા સામેના ગ્રાઉન્ડમાં ઉપરાંત જે.કે.હોસ્ટેલની આસપાસ, પાછળના ગ્રાઉન્ડમાં અને પાટીદાર ચોકથી આગળ ફીલ્ડ માર્શલ વાડીના ગ્રાઉન્ડમાં વાહન ફોર વ્હીલ અનેટુ વ્હીલ પાર્ક કરી શકાશે. તેમજ સરકારી એન્જીનીયરીંગ કોલેજના મેઈન ગેઈટ સામે ખુલ્લા ગ્રાઉન્ડમાં અને પ્રિન્સીપાલના બંગલાની બન્ને સાઈડ એજન્ટોને વાહન પાર્કની વ્યવસ્થા કરાઈ છે.

# વિંછીયા પાસે ખેડૂતને મારમારી રૂા.૧૧.૫૦ લાખની લૂંટ

## બેંકમાંથી પૈસા ઉપાડી બાઈક પર લઈ અજમેર ગામે જતા ખેડૂતને રસ્તામાં બે શખ્સોએ આંતરી બેગ લઈ ફરાર થઈ ગયા

**મુખ્ય સમાચાર, જસદણ**

વિંછીયા નજીક પાક ધિરાણની રકમ લઈને ઘરે જઈ રહેલા ખેડૂત પાસેથી ૧૧.૫૦ લાખની સનસનાટી ભરી લૂંટ થતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ વિછીયા તાલુકાના અજમેર ગામે રહેતા કોળી ઝવેરભાઈ મોતીભાઈ જમોડ તથા ધમાભાઈ સામતભાઈ ખટાણા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની વિછીયા શાખામાંથી પાક ધિરાણની રકમમાંથી ૧૧.૫૦ લાખ રૂપિયાની રકમ ઉપાડીને બેન્કમાંથી રકમ લઈને સાંજે



તેઓ મોટરસાયકલ ઉપર તેમના ઘરે અજમેર ગામે જઈ રહ્યા હતા દરમિયાન બે અજાણ્યા શખસો એક મોટર સાયકલ ઉપર આવેલા અને આ બે શખસોએ વિછીયા અજમેરના રસ્તા ઉપર ચિરોડાના પાટીયા પાસે બાઇક ઉપર જઈ રહેલા ઝવેરભાઈ તથા ધમાભાઈના મોટરસાયકલને આંતરીને ઝપાઝપી કરીને ફિલ્મી ઢબે લુંટ ચલાવી હતી અને ૧૧.૫૦ લાખ રૂપિયાની રકમ ભરેલી બેગ લઈને આરોપીઓ નાસી છૂટયા હતા. ઝપાઝપીને કારણે મોટર સાયકલ ઉપરથી પડી જતા ઝવેરભાઈ જમોડ તથા ધમાભાઈ રબારીને ઈજા થતા આવ્યો તેમને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા જ વિંછીયા પીએસઆઈ ઈન્દ્રજીતસિહ સરવૈયા તથા રાઈટર જીગ્નેશભાઈ કુકડિયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને આરોપીને ઝડપી લેવા માટે ચક્રોગતિમાન ર્ક્યા છે. બેંકમાંથી રકમ ઉપાડીને જઈ રહ્યા હતા એ દરમિયાન આ બનાવ બન્યો હોવાથી આ બનાવમાં જાણ ભેદુ હોવાની શંકા સેવાઈ રહી છે. ઘટના સ્થળ નજીકના કોઈ સીસીટીવી ફૂટેજ મળે તો તે મેળવીને તે દિશામાં પણ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં છે.

# સત્યનારાયણનગરમાં પરિણીતાના આપઘાત બાદ પતિએ મેંગો માર્કેટ પાસે એસિડ પીધુ

## ગૃહ કલેશના કારણે પરિવારનો માળો વિખાયોઃ માતાના મોતથી આઠ મહિનાના બાળકે છત્રછાયા ગુમાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં લાખના બંગલા પાસે સત્યનારાયણનગરમાં પરિણીતાએ ગૃહકલેસમાં ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ બનાવ બાદ આઘાતમાં આવી પતિને પણ મેંગો માર્કેટ પાસે પહોંચી એસીડ પી લઈ આપઘાતનો પ્રયાસ કરતા તેમને સારવાર અર્થે ખસેડાયો હતો. આ અંગે હવે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. પરિણીતાના મોતથી આઠ મહીનાના માસુમ પુત્રએ માતાની છત્રછાયા ગુમાવી છે.



આ અંગેની માહિતી મુજબ લાખના બંગલા પાસે સત્યનારાયણ નગરમાં રહેતા કવિતાબેન મોહીતભાઈ રાઠોડ (ઉ.વ.૨૩) નામના પરિણીતાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવામાં અરેરાટી મચી ગઇ છે. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પીટલે ખસેડાયો છે. તેમના મોહીત સાથે અઢી વર્ષ પહેલા પ્રેમલગ્ન થયા હતા તેમને હાલ સંતાનમાં એક આઠ માસનો પુત્ર છે. હાલ કવીતાના દિલ્હી રહેતા માતાપિતાને જાણ કરવામાં આવતા તેઓ રાજકોટ આવવા રવાના થયા હતા. આ અંગે ગાંધીગ્રામ પીએસઆઈ એસ.બી. જાડેજાએ કાગળો કર્યા બાદ તપાસ એસીપી રાધીકા ભારાઇને સોંપવામાં આવી છે. આ ઘટના બાદ આઘાતમાં સરી પડેલા કવિતાબેનના પતિ મોહીત મહેશભાઈ રાઠોડ (ઉ.૨૮)એ આજે સવારે કુવાડવા રોડ મેંગો માર્કેટ પાસે એસીડ પી આપઘાતનો પ્રયાસ ર્ક્યો હતો. તેમણે જણાવ્યું કે તેઓએ નેપાળી યુવતી સાથે પ્રેમલગ્ન ર્ક્યા હતા. બન્ને વચ્ચે માથાકુટ થતા પત્નીએ આ પગલું ભરી લીધું હતુ. આ ઘટના બાદ પોતે પણ આઘાતમાં પગલું ભરી લીધું છે. ગઇકાલે કામેથી ઘરે આવ્યા બાદ જોયુ તો ઘરનો દરવાજો બંધ હતો. દરવાજો તોડીને જોતા પત્ની લટકતી હાલતમાં જોવા મળી હતી. આ મામલે પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી.

# રામનાથપરા આડા સંબંધની શંકાએ માર મારી ધમકી દેતા યુવકનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રામનાથપરામાં સફાઈ કરતા યુવાનને આડા સંબંધની શંકાએ માર મારતા યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા બે શખસો સામે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિત્રતી મુજબ શહેરના બેડસપરાના વાલ્મીકીવાસમાં રહેતા મનસુખભાઈ મોહનભાઈ ગોહેલ ઉ.૬૦એ એ-ડીવીઝન પોલીસમાં વિરૂ કિશોરભાઈ વાઘેલા અને પિન્ટુ ગોરી સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેનો મોટો દીકરો શૈલેષભાઈ વોર્ડ નં.૭માં સફાઈ કામદાર તરીકે નોકરી કરે છે તેની સાથે વિરૂ અને તેની પત્ની આશાબેન કામ કરે છે દોઢેક વર્ષ પહેલા વિરૂએ પુત્ર સાથે ઝઘડો કરી તારે મારી પત્ની સાથે પ્રેમ પ્રકરણ છે. તેવુ કહ્યુ હતુ બાદમાં અવારનવાર માથાકૂટ થતી હોય પુત્રએ વિરૂની પત્ની પાસે રાખડી બંધાવી હતી બાદ ગઇકાલે પોતે કામ પર હતા ત્યારે પુત્રએ ત્યાં આવી કહેલ કે વિરૂ મને ફરી ધમકી આપે છે કે તારા પગ ભાંગી નાખીશ' તેમ કહેતા મે વોર્ડ ઓફીસે જવાનું કહ્યા બાદ પોતે ગરૂડ ગરબી ચોકમાં પહોંચ્યા હતા ત્યાં આ વિરૂ અને તેનો બનેવી પીન્ટુ આવ્યા હતા અને વિરૂએ કહેલ કે શૈલેષને હજુ મારી પત્ની સાથે પ્રેમ સંબંધ છે' તેમ કહી પુત્રને ગાળો દેવા લાગતા પોતે તેને ગાળો દેવાની ના પાડતા બંનેએ પુત્ર સાથે ઝપાઝપી કરી ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા અને મારી નાખીશ' તેવી ધમકી આપતા પુત્ર શૈલેષભાઈએ ઝેરી દવા પી લીધી હતી જેથી સિવિલ હોસ્પિટલે ખસેડી આ અંગે ફરિયાદ નોંધાવી હતી.